શ્રી "જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહકોને ૧૯મા વર્ષની ભેટ.

# श्री जिन हर्ष सूरि विरचित

## श्री दयावर्धन गणी उध्धरित

## पर्व तिथि महात्म्योपरि

# રત્નશેખર-રત્નવતી કથા

મૂળ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથપ્રબંધ ઉપરથી

ભાષાંતર

વીરમગામ.

ભવ્ય જીવોને હિતદાયક જાણી

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

ભાવનગર—"ધી વિદ્યા-વિજય" પ્રિન્ટિંગ પ્રેસ.

વીર સંવત ૨૪૩૦. વિક્રમ સંવત ૧૯૬૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામ ... લાયબ્રેરી
વીરમગામ.
.........

# પ્રસ્તાવના.

જૈનોના હિતાર્થે પ્રગટ થતા, તેનેજ માટે ખાસ સ્વિય ચર્ચતા અને તેઓનાજ શ્રેયમાં સદા આનંદી રહેતા અમારી તરફથી દર માસે પ્રકાશ પામતા 'શ્રી જૈન ધર્મ પ્રકાશ' ની ભેટ તરીકે આ કથા ગ્રાહકોના હાથમાં સમર્પણ કરતાં અમારૂં હૃદય હર્ષથી ઉલ્લસાયમાન થાય છે.

સંસારાગ્નિથી બળી જળી રહેલ-પણ મોહનીય કર્મના ઉદયથી વિરક્ત ભાવ પ્રાપ્ત નહિ કરી શકનારા પ્રાણીઓને માટે આ પુસ્તક કેટલું બધું ઉપયોગી છે તે આદ્યંત વાંચ્યા પછીજ સમજાશે.

**" ધર્મની શી જરૂર છે? સંસારમાં ઉત્પન્ન થઇ તેમાં પ્રાપ્ત થયેલ સુખો ન ભોગવવાં તે અયોગ્ય છે. જગતમાં જન્મ લઈ જેજે વસ્તુઓ નિયંત્રણ કરી છે તે સર્વે ભોગ માટેજ હોવાથી ભોગવવી"** આવા જુદા જુદા ઘણી જાતના વિચારો જુદી જુદી વ્યક્તિ તરફથી બહાર પડતા દૃશ્યમાન થાય છે. વિચારવાની અગત્યતા છે કે મનુષ્ય ભવ કેવી રીતે મળ્યો છે? પૂર્વ ભવમાં કરેલાં પારાવાર શુભ કર્મોના ઉદયથીજ અત્યંત દુર્લભ એવો આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો છે. આપણાથી ઉતરતી પંક્તિના પ્રાણીઓ તરફ દૃષ્ટિ ફેંકતાં એમ માલુમ પડે છે કે વધારે તીવ્ર શુભ કર્મોના ઉદય શિવાય મનુષ્ય ભવ પ્રાપ્ત થઇ શકે એમ નથી. **આવાં શુભ કર્મોનો બંધ ધાર્મિક કાર્યો વડેજ થાય છે. ધર્મ તરફ દૃઢ શ્રદ્ધા, તેમાં કહેલ વચનોની નિરપેક્ષ વૃત્તિથી સદ્દહણા, તે પ્રમાણેનું**

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**વર્તન અને મનને હંમેશ ઉજ્જ્વલ કરવાની ભાવના-એજ શુભ કર્મોનો સંચય કરવાનો વાસ્તવીક ઉપાય છે.**

આ અસાર સંસારમાં પોતાનું તથા કુટુંબનું ભરણ પોષણ વિગેરે કરવા માટે દિવસ અને રાત્રિએ અનેક પ્રકારની પાપમય પ્રવૃત્તિ કરવી પડે છે. નબળાઇથી, મન ઉપર કાબુ રહેતો નથી તેથી, તે ઘણાં પાપસ્થાનકો સેવવા દોરે છે. તે સત્ય છે કે આવી રીતે પાપમય જીંદગી પસાર કરવામાં થોડા પણ એવા દિવસો હોવા જોઇએ કે જેમાં શુભ કર્મ સંચિત કરવા તરફ પ્રવૃત્તિ થાય. આવાં અને એવાં બીજાં કારણોથી સંસારી જીવો ઉપર એકાંત ઉપકાર દૃષ્ટિથી જોનાર આપણા શાસ્ત્રકારોએ-હમેશા ધર્મકરણી કરવા વખત નહિ મેળવી શકનાર મનુષ્યો પણ પર્વ દિવસે તો વખત મેળવશે-એમ વિચારી પર્વ દિવસોનું નિર્માણ કર્યું છે. આ વાત પર્વ તિથિની જરૂરીઆત દેખાડી આપે છે.

વળી સંસારમાં પેદા થયેલ સર્વ વસ્તુ પ્રત્યેકે ભોગવવી એવો નિયમ છેજ નહિ. જે વસ્તુના ઉપભોગથી પાપ ઓછું થાય, વિકારીપણું પણ ઓછું થાય અને મન સાત્વિક વૃત્તિવાળું રહે તેવી વસ્તુઓજ અશનમાં વાપરવા વિચાર રાખવો. વધારે પાપ લગાડનારી વસ્તુ ખાવાથી પેટ વધારે ભરાય તેમ નથી; તેથી જે વસ્તુની અનિવાર્ય જરૂરીઆત લાગતી ન હોય અને વધારે અશુભ કર્મનો બંધ કરનારી લાગતી હોય તેવી વસ્તુઓ વપરાશમાંથી વર્જવી.

પર્વ તિથિઓમાં બાહ્યદૃષ્ટિએ જોતાં પણ એવી કાંઇક ખુબી માલુમ પડે છે કે તે દિવસે તપશ્ચર્યા-નિયમ વિગેરે બીજા દિવસ કરતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સહેલાઈએ થાય છે અને વધારે આનંદદાયી-આહ્લાદકારક લાગે છે. આ અસાર સંસારમાં દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી ધાર્મિક કાર્યોમાં જેટલું લક્ષ અપાય તેટલું આપવું તેવો દૃઢ વિચાર કરવાની ખાસ જરૂર છે: નહિતો " **જીવ આઠમ પાખી ન ઓળખી, જીવ બહુલાં કીધાં પાપ;** " એ શબ્દો જમા તથા ઉધાર બાજુ કોઇ વખત આત્મનિરીક્ષણ કરવાને સમયે અવસ્યમેવ ઉચ્ચારવાનો સમય આવશે. આ સંસારમાં મોહ રાજાની જાળ એવી રીતે ફેલાએલી છે કે તેમાંથી છુટી જવાનું બહુ મુશ્કેલ છે; તેથી સુજ્ઞોનું કર્તવ્ય છે કે પાછળથી પશ્ચાતાપ કરવાનો સમય આવે તે કરતાં પહેલાંજ ચેતવું. પર્વ કોને કહેવા? તેનું આરાધન કેવી રીતે કરવું? તથા તેથી શું ફળ થાય? વિગેરેનું વર્ણન આ કથામાં ગ્રંથકર્તાએ પૃથક્ પૃથક્ રીતે અનેક સ્થળે આપેલ હોવાથી અત્ર તત્સંબંધી વિશેષ લખવાની જરૂર નથી.

આ નાની સરખી કથામાં પણ તેના કર્ત્તાની ખુબી એવી સરસ છે કે તેમાં સ્થાને સ્થાને પ્રસ્તાવિક શ્લોકો અને ગાથાઓથી તેમજ જુદી જુદી કથાઓથી તેને વિચિત્ર પ્રકારની ચિત્રિત કરેલી છે અને કથાના નાયક-નાયિકાને અનેક પ્રકારના ધાર્મિક ગુણોથી શોભાવ્યા છે: તેમજ વર્તાનું મંડાણ કર્યા પછી આદિથી અંત સુધી પર્વતિથિ શું? તેના ફાયદા, તેમાં કરવા યોગ્ય કરણી વિગેરે પૃથક્ પૃથક્ રીતે શાસ્ત્રાધાર સાથે જણાવી દીધેલ છે.

આ કથાના પ્રથમના કર્ત્તા **શ્રી જિન હર્ષસૂરિ** છે કે જેઓ વિ. સં. ૧૫૦૨ની સાલમાં વિદ્યમાન હતા [૧] અને જેમણે આ તથા વિંશતિ સ્થાનક વિચારામૃત સંગ્રહ-એમ બે ગ્રંથો રચેલા છે

---

૧. જુઓ જૈનધર્મનો પ્રાચીન ઈતિહાસ ભાગ ૧ લો પૃષ્ઠ ૩૯ મું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારબાદ **શ્રી દયાવર્દ્ધનગણીએ** તેનો ફરીથી ઉદ્ધાર કર્યો હોય એમ આ કથાના પ્રાંત ભાગે લખેલા એક શ્લોકપરથી માલુમ પડે છે. આ કથામાં અન્ય શાસ્ત્રમાંથી ઉદ્ધરેલ તેમજ નવા બનાવેલ પ્રાસંગિક સંસ્કૃત શ્લોકો, માગધી ગાથાઓ અને જુની ગુજરાતી ભાષામાં દુહા ચોપાઇઓ પુષ્કળ દાખલ કરેલ છે. જેથી આ કથા-મૂળ પણ બહુ ઉપયોગી અને અસરકારક છે.

આ કથાનું ભાષાંતર ઉછરતા **જૈન યુવક નેમચંદ ગીરધર કાપડીઆએ** કર્યું હતું; પણ આ કથામાં માગધી તથા ગુજરાતી ભાષા પરત્વે અનુભવની વિશેષ જરૂર હોવાથી તેમજ તેની લખેલી પ્રત એકજ મળેલી તે પુરતી શુદ્ધ ન હોવાથી તેને સારી રીતે સુધારીને પ્રગટ કરવામાં આવ્યું છે. પરંતુ આવા શુભ પ્રયત્ન સંબંધી ઉત્સાહને માટે સદરહુ **જૈન યુવકને ધન્યવાદ ઘટે છે; તેમજ આવા કાર્યમાં સતત ઉદ્યોગી રહેવા ખાસ ભલામણ કરવામાં આવે છે.**

આ કથાની પ્રત **પન્યાસજી શ્રી સિદ્ધિવિજયજીએ** આપી અને લાંબા વખત સુધી અહીં રહેવા દીધી તેને માટે તેઓ સાહેબનો અત્ર આભાર માનવો ઘટે છે.

આ કથા એટલી બધી અસરકારક છે કે તે આદ્યંત વાંચવાથી અવશ્ય પર્વતિથિના આરાધનમાં વાંચક વર્ગને દોર્યા સિવાય રહેજ નહીં એવી અમને અંતઃકરણથી ખાત્રી થાય છે. અમે ઇચ્છીએ છીએ કે આ કથા વાંચી સુજ્ઞજનો પર્વતિથિના આરાધનમાં તત્પર થાઓ અને તેના ઉત્તમ ફળને પ્રાપ્ત કરો. તથાસ્તુ.

**વૈશાક શુદિ પૂર્ણિમા.** } **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**

**સંવત ૧૯૬૦** } **ભાવનગર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ॐ नमः श्रीवीराय.

# શ્રી જિન હર્ષસુરિ વિરચિત
## પર્વ તિથિ મહાત્મ્યોપરિ
# શ્રી રત્નશેખર રાજર્ષિ કથા.

सयल कल्लाण निलयं, नमिऊणं वद्धमाण पयकमलं ।
पव्वतिहीइ वियारं, वुच्छामि जहागमे भणियं ॥ १ ॥

"અખિલ કલ્યાણના સ્થાનકરૂપ શ્રી વર્ધમાન સ્વામીના ચરણકમળને નમસ્કાર કરી પર્વ તિથિ પરત્વેના વિચાર આગમાનુસાર હું કહીશ."

દેવતા, મનુષ્ય અને ખેચરના ઇંદ્રોથી સેવાતા જિનેશ્વર શ્રી મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં ગુણશિલ નામના ચૈત્યમાં સમોસર્યા; તે વખતે ગૌતમ સ્વામીએ તેમને પ્રશ્ન કર્યો "હે ત્રૈલોક્ય નાથ! કયા કયા પર્વો છે? તેના આરાધનનું શું ફળ છે? અને તેના ભંગથી શો દોષ લાગે છે? તે કહો."

પ્રભુ બોલ્યા "હે ગૌતમ, જિનાગમને વિષે એક સંવત્સરી પર્વ, ત્રણ ચતુર્માસિ પર્વ, તેમજ ચતુર્દશી, પૂ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ર્ણિમા, એકાદશી, અષ્ટમી, અનેશ્રુતતિથિ દ્વિતીયા તથા પંચમી એ પર્વો કહેલા છે, તે પર્વોને વિષે સર્વ પ્રયત્ન વડે ધર્મકરણી કરવી. કહ્યું છે કે—

संवत्सर चाउमासीएसु, अट्ठाहिया सुयतिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूआ तव गुणेसु ॥ १ ॥

વ્યાખ્યા—સાંવત્સરી પર્વ ( પર્યુષણ ), ત્રણ ચતુર્માસ, બે ઓળીની અઠ્ઠાઇ અને શ્રુત તિથિઓ તે શુકલપક્ષની બીજ, પંચમી અને એકાદશી, તથા ચાર પર્વણી તે અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા ને અમાવાસ્યા એ પ્રમાણે શુકલ પક્ષમાં છ તથા કૃષ્ણ પક્ષમાં ત્રણ પર્વણી કહેલી છે. જિનેશ્વર ભગવંતે કહેલા એ પર્વોને વિષે જે ધર્મારાધન કરે છે તે જીવો પ્રધાન સુખને મેળવીને યાવત્ પરમપદ ( મોક્ષ ) ને મેળવે છે. પ્રાયે કરીને એ પર્વોને વિષે શુભાશુભ ભાવમાં વર્તતા જીવો પોતપોતાના પરિણામને યોગ્ય પરભવના આયુષ્યનો બંધ કરે છે. માટે તે પર્વોને વિષે જિનેશ્વરની પૂજા કરવી, બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું, ધર્મ ધ્યાન ધ્યાવું, ત્રિદંડ ( મન, વચન તથા કાયા) થી વિરમવું, તેમજ સામાયક, પૌષધ અને પચ્ચખ્ખાણમાં ઉદ્યુક્ત થવું. એ પર્વોને વિષે આ પ્રમાણે શુભ કાર્યમાં પ્રવર્તતો મનુષ્ય વૈમાનિક દેવતાનું પદ અથવા ઉત્તમ મનુષ્યની ઋદ્ધિ પ્રાપ્ત થાય એવો પુણ્યબંધ કરે છે તેમાં જરાપણ સંશય નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણેના પર્વતિથિના વિચાર ઉપર રત્નશેખર રાજાનું દૃષ્ટાંત છે. ”

આ પ્રમાણે સાંભળી આખી સભાએ તેની કથા પૂછવાથી જગત્ ઉપકારી વીર પ્રભુએ નીચે પ્રમાણે તે કથા કહી. તે કથા જે પ્રાચીન ગ્રંથમાં છે તેનું દુર્લભ્યપણું હોવાથી અહીં ચંપૂ[1] રૂપે તે કથા કહેવામાં આવે છે.

આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે સર્વ શેહેર યોગ્ય ગુણોથી શોભિત રત્નપુર નામનું નગર છે. જ્યાં પુરવાસીઓએ કરેલા અપાર પુણ્યરૂપી પાણીથી ભરપુર સમુદ્રના ફીણના છાંટાઓની જેવા આકાશને વિષે તારાઓ શોભી રહ્યા છે. તે નગરમાં નવીન સૂર્ય જેવો રત્નશેખર નામે રાજા છે. રાજ્યરૂપી આકાશના મધ્ય ભાગમાં તેનો ઉદય થયલો જોઈ શત્રુરૂપ અંધકાર તો રણસંગ્રામ મૂકીને દૂર નાશી ગયેલ છે. તે રાજાને બીજા હૃદય જેવો અને ત્રીજા નેત્ર જેવો મતિસાગર નામે મંત્રી છે. તેની બુદ્ધિરૂપી નૌકા જડતા રહિત હોવાથી કોઈપણ પ્રકારના વ્યાપારરૂપ સમુદ્રને તરી જતી; કોઇપણ ઠેકાણે સ્ખલના પામતી નહિ તે આશ્ચર્ય હતું.[2]

---

तरंति सत्वरं जाड्योज्झिता व्यापार सागरं ।
चित्रं यस्यमति नौकाक्वापिद्गोंपिनास्खलत् ॥

૧. ચંપૂ–ગદ્યપદ્યાત્મક વાર્તા.
૨. અહીં શ્લોકમાં ચમત્કાર છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકદા રત્નશેખર રાજા મંત્રીની સાથે વસંત ઋતુની લીલા જોવાને વનમાં ગયો. વનની અંદર ચંપક, શિરીષ, મલ્લિકા અને પાટલ વિગેરે પુષ્પોના મકરંદમાં લંપટ થયેલા ઝંકારને કરતા ભમરાઓ શ્રાદ્ધમાં જમવાના લોભી દ્વિજની જેવા જણાતા હતા. વળી કોકિલા પોતાના સુંદર સ્વર વડે " હે રાજા, તું સમુદ્રથી વીંટળાએલી સમગ્ર પૃથ્વીનો સ્વામી છે છતાં શું તારૂં રત્નશેખર એવું નામ યોગ્ય છે ? " એમ કહેતી હોય એવું જણાતું હતું. વનમાં વિવિધ પ્રકારની ક્રીડાઓ કરીને રાજા એક આમ્ર વૃક્ષ નીચે બેઠો. તે વખતે તેણે તે વૃક્ષની શાખાપર બેઠેલા કિન્નરયુગ્મને જોયું. રાજાને જોઇને કિન્નરીએ પોતાના પતિને આ પ્રમાણે કહ્યું,- " આપણે રત્નવતી નામની જે કન્યાને જોઇ છે કે જે દ્રષ્ટિને અમૃત વૃષ્ટિ સમાન છે, અને જેણે પોતાના સૌભાગ્યની મહત્વતાથી સુર અને અસુરની સુંદરીઓને પણ પરાસ્ત કરી છે; વિશેષતો શું પણ જેનું રૂપ દ્રષ્ટિગોચર થતાં દેવતાઓને સ્વર્ગીય રંભા (અપ્સરા) પણ રંભા (કેળ) ની જેવી નિઃસાર લાગે છે; અત્યંત રૂપ તથા અત્યદ્ભુત વેષવાળી તે નાના પ્રકારના ગુણરૂપી રત્નોને ધારણ કરવાવાળા પુરૂષોને જન્મથીજ દોષના સમૂહવાળા દેખે છે. એવી તે રત્નવતી જોકે નરદ્વેષિણી છે તોપણ જો તે આ ( રત્નશેખર ) ને દેખશે તો જરૂર તેની સાથે લગ્ન કરશે એમ મને લાગે છે. " આ પ્રમાણે સાંભળી કિન્નર બોલ્યો " ભ્રમરી વનાંતરને વિષે ભટકતી કોઈ ઠેકાણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અટકતી નથી, પણ ચંપક તરૂને જોતાંજ તે અટકી જાય છે."[1] ( એટલે કે તે નરદ્વેષિણી છે, પણ આ નૃપને જોઇને ભ્રમરી જેમ ચંપક તરૂ પાસે અટકી જાય છે, તેમ નરદ્વેષિણી મટી જશે. ) આ પ્રમાણે વાતચીત કરીને તેઓ ઉઠી ગયા.

રત્નશેખર રાજાતો તેમની વાતચીત સાંભળીને "રત્નવતી કોણ હશે" એમ વિચાર કરતો સતો કામજ્વરથી વીંધાઇ ગયો. 'અહો ! કામદેવનું કેવું વાંકાપણું છે કે જે સ્ત્રીઓરૂપી બાણોવડે રણસંગ્રામમાં મનુષ્ય, દેવતા અથવા અસુરોને તરતજ શક્તિહિન કરી નાંખે છે.' રાજા તો તેના ધ્યાનમાં લાગી જઇ યોગીની માફક કાંઈ બોલતો નહોતો, શ્વાસ પણ લેતો નહોતો અને હસ્તો નહોતો. વિશેષ શું કહેવું? પણ જો તેવું ધ્યાન જૈન ધર્મમાં લગાડી દીધું હોય તો મુક્તિ કરતળગતજ થાત. કહ્યું છે કે—

जा दव्वे होइ मइ, अहवा तरूणीसु रूपवंतीसु ।
सा जइ जिणवरधम्मे, करयल मज्झठिया सिद्धि: ॥

જે મતિ દ્રવ્ય વિષે હોવે, રૂપવંત તરૂણી માંહિ;
તે જિન ધર્મે રાખતાં, મુક્તિ કરતલ માંહિ ૧

---

૧. એક પ્રસ્તાવિક દોહામાં કહ્યું છે—
ચંપા તુજમેં તિન ગુણ, રૂપ, રંગ ઓર વાસ;
પણ તુજમેં અવગુણ ભયો, ભ્રમર ન આવે પાસ. ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી द्यूतेद्युतकारस्य, यत्प्रियायां वियोगिन : ।
राधावेधिनो लक्षे, तद्ध्यानं मेस्तुतन्मते ॥

જુગટીઆનુ ધુતમાં, વિયોગીનુ સ્ત્રીમાંહી;
રાધાવેધીનુ લક્ષમાં, મારૂં થાઓ તુજ માંહી. ૨

મતિસાગર મંત્રી તેવામાં ત્યાં આવ્યો. રાજાને આવી સ્થિતિમાં જોઇ તેણે અતિ આગ્રહુથી તેનું કારણ પૂછ્યું. રાજાએ કહેલી હકીકત સાંભળીને રત્નવતી વિષે કિન્નર મિથુનને પૂછવા તે તેની પાછળ દોડયો; પરંતુ તેમને એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર એમ ઉતાવળા ઉડી જતાં જોઇને તે પાછો ફર્યો. રાજાએ બળી મરવામાટે તેની પાસે અગ્નિ માગ્યો. મંત્રીએ તે સાંભળીને વિચાર કર્યો કે સ્ત્રીઓમાટેના પુરૂષના પરવશપણાને ધિક્કાર છે. કહ્યું છે કે-

तावन्महत्वं पांडित्यं, कुलीनत्वं विवेकिता ।
यावज्ज्वलति नांगेषु, हतः पंचपुपावकः ॥

" જ્યાંસુધી હત્યારા પંચબાણ ( કામ ) નો અગ્નિ અંગમાં પ્રજ્વલિત થયો નથી ત્યાંસુધીજ મોટાઈ, પાંડિત્ય, કુલિનતા અને વિવેકીપણું છે. "

કામની ગતિ ખરેખર વિષમ છે. કહ્યું છે કે—

विषस्य विषयाणां तु, दूरमत्यंतमंतरं ।
उपभुक्तं विषं हंति, विषयाः स्मरणादपि ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"વિષ અને વિષયમાં ઘણો મોટો તફાવત છે. વિષ તો ખાવાથીજ હણે છે, પણ વિષય તો સ્મરણથી પણ મનુષ્યનો નાશ કરે છે." વળી

नाम्ना नहि विषं हंति, स्वप्ने दृष्टमपि क्वाचित् ।
स्वप्नेनापिहि नाम्नापि. हंति नारीविषं क्षणात् ॥

"વિષ માત્ર નામ લેવાથી કે સ્વપ્નમાં દેખવાથી હણતું નથી, પણ નારીરૂપ વિષ તો સ્વપ્નમાં તેમજ નામ માત્ર લેવાથી પણ મનુષ્યને તત્કાળ હણે છે." વળી આ શ્લોકમાં તેનેજ માટે કહ્યું છે કે—

किमु कुवलयनेत्राः संतिनो नाकनार्य-
स्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे ॥
हृदयतृण कुटीरे दीप्यमाने स्मराग्ना-
वुचितमनुचितं वा वेत्ति कः पंडितोऽपि ॥

"શું કમળ સમાન નેત્રવાળી દેવાંગનાઓ તેને નહોતી કે જેથી ત્રિદશપતિએ (ઇંદ્રે) અહલ્યા તાપસીને સેવી, પરંતુ હૃદય રૂપી ઝુંપડીમાં કામાગ્નિ પ્રજ્વલિત થયે સતે પંડિત પણ ઉચિત કે અનુચિત જાણી શકતો નથી." *હત્યારા વિધિએ આ સંસારમાં મહિલા રૂપી પાસ એવો

---

* संसारे हयविहिणा, महिलारुवेण मंडियंपासं ।
बझंति जाणमाणा, अयाणमाणावि बझंत ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાથર્યો છે કે તેમાં જાણ પુરૂષ પડે છે, અને અજાણ પણ પડે છે. અર્થાત્ પંડિત અને મૂર્ખ બધા તે પાસમાં સપડાઈ જાય છે. વળી કહ્યું છે કે—

संमोहयंति मदयंति विडंबयंति
निर्भर्च्छयंति रमयंति विषादयंति ।
एताः प्रविश्य सदयं हृदयं नराणाम्
किं किं न वामनयना हि समाचरन्ति ॥

" સ્ત્રીઓ સદય પુરુષના હૃદયમાં પ્રવેશ કરીને મોહ પમાડે છે, મદ ઉત્પન્ન કરે છે; વિડંબના કરે છે, નિર્ભર્ત્સના કરે છે, રમાડે છે અને વિષાદ પમાડે છે. ખરેખર તેઓ શું શું કરતી નથી ? અર્થાત્ સર્વ કરે છે. "

આ પ્રમાણે વિચાર કર્યા પછી મતિસાગર મંત્રી રાજાના પ્રાણનું રક્ષણ કરવા માટે સઠત માસમાં તેને શોધી લાવવાનું વચન આપી એક સેવકને સાથે લઇને દક્ષિણ દિશા તરફ ચાલ્યો. તે વખતે ખુશી થયેલા રાજાએ તેને આશીર્વાદ આપ્યો—" રસ્તામાં તમારૂં કલ્યાણ થાઓ; મને તમારો સમાગમ ફરીને વહેલો થાઓ અને તમે ઇચ્છિત કાર્ય સિદ્ધ કરો. વળી યોગ્ય વખતે અમારૂં સ્મરણ કરજો. વળી તમને અરિહંતનું મંગળ થાઓ,[1] સિદ્ધનું મં-

1 આ બધા વાકયો દેખાડે છે કે રત્નશેખર રાજા જૈન ધર્મી હતો, અગર જો કે તે પ્રથમ દર્શાવ્યું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગળ થાઓ, સર્વ સાધુનું મંગળ થાઓ અને જિનેંદ્રના ધર્મનું મંગળ થાઓ. વળી અરિહંત ભગવાન્ તમારા મસ્તકનું રક્ષણ કરો, સિદ્ધ ભગવાન્ તમારા વદનનું રક્ષણ કરો, આચાર્ય મહારાજ તમારા હૃદયનું રક્ષણ કરો, ઉપાધ્યાય તમારા કરયુગલનું રક્ષણ કરો અને મુનિઓ તમારા પદકમળનું રક્ષણ કરો. એ સર્વના પ્રભાવથી નિર્વિઘ્ને કાર્યની સિદ્ધિ થજો, માર્ગમાં ક્ષેમકુશળતા વર્તજો અને પાછા શીઘ્ર દર્શન દેજો." આ પ્રમાણેની આશિષ્ ગ્રહણ કરી મંત્રી ત્યાંથી ચાલ્યો.

પૃથ્વી ઉપર ફરતાં ફરતાં એક વનને વિષે કોઇ રત્નમય ભુવનમાં એક કન્યા મતિસાગરે જોઈ. તેને જોતાંજ તેના મનમાં વિચાર આવ્યો કે આ કોઇ દેવી, કિન્નરી કે ખેચરી જણાય છે કે જે કોઇ કારણથી અહીંયરી થયેલી છે, તે શિવાય બીજી રીતે આવી કન્યા હોવાનું ઘટતું નથી. કહ્યું છે કે રાહુની અને ગરૂડની ભીતિથી શું ચંદ્રમાએ અને શેષનાગે આ મૃગનેત્રાના વદનમાં અને વેણીમાં આશ્રય કર્યો છે?

આ પ્રમાણે વિચાર કરીને મંત્રીએ તેને પૂછ્યું "હે કન્યા, તું કોણ છે"?

કન્યા—હું આ રત્નમંદીરના સ્વામી યક્ષની પુત્રી છું.

મંત્રી—તે ક્યાં છે?

કન્યા—પાતાલ ગૃહમાં તે રહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રી—ત્યાં જવાનો કયો માર્ગ છે ?
કન્યા—આ બળતા અગ્નિકુંડમાં પડવાથી ત્યાંજવાય છે.

આ પ્રમાણે સાંભળી મંત્રીએ ત્યાં જવાનો વિચાર કર્યો, કારણ કે સાહસવિના કોઇ કાર્ય સિદ્ધ થતું નથી. કહ્યું છે કે-

સાહસીયાં લચ્છી હવઈ, નહુ કાયર પુરિસાંહ;
કન્નહ કંચણ કુંડલહ, અંજણ પુણ નયણાંહ. ૧
તં કોઇ આરંભીએ, મહિમંડળ વિવસાઓ;
જીણે વ્યાપારે સિર ધુણે, હરિહર વિહિ જમરાઓ. ૨

"સાહસિક પુરૂષોને જ લક્ષ્મી મળે છે, કાયરને પ્રાપ્ત થતી નથી. જેમકે કાન વિંધાય છે તો તેને કંચનના કુંડલ આપવામાં આવે છે અને આંખને માત્ર કાજળજ અપાય છે ૧. વળી આ પૃથ્વીપર જન્મીને એવું કોઇ કાર્ય કરવું જોઇએ કે જે કાર્યના વ્યાપારને જોઇને હરિ, હર, બ્રહ્મા ને જમરાજ સુદ્ધાં આશ્ચર્ય પામીને મસ્તક ધુણાવે. ૨.

આ પ્રમાણે વિચાર કરીને મંત્રીએ પોતાની સાથેના માણસને પોતાના ખબર આપવા માટે રાજા પાસે પાછો મોકલ્યો. તેણે રાજા પાસે જઇને મંત્રીનો વૃત્તાંત જણાવ્યો. રાજા તે સાંભળી મંત્રીનું સ્મરણ કરતો સતો બોલ્યો, "અહો મંત્રી, તેં તો સત્વ વાપર્યું છે, હવે મારૂં ભાગ્ય કેવું ફળે છે તે જોવાનું છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં વનમા રહેલ મંત્રી બીજે દીવસે પ્રાતઃકાળમાંજ સ્નાન કરી તૈયાર થઇ ઉભો હતો અને તે કન્યા “ અહો ! બહુ સત્વવાળું કાર્ય કરોછો. ” એમ કહેતી હતી તેટલામાંતો તે અગ્નિકુંડમાં પડયો; પરંતુ યક્ષના પ્રભાવથી તેના અંગોનું પુરેપુરૂં રક્ષણ થયું અને પાતાળ ગૃહમાં એક સિંહાસન ઉપર પોતાને બેઠેલો તેણે જોયો. પછી ત્યાં યક્ષ ને યક્ષણી બંને તેની સમક્ષ પ્રગટ થયા અને પેલી કન્યા તેને અર્પણ કરી. યક્ષે કહ્યું “ ઘણા વખતથી તમારી રાહ અમે જોતાં હતાં તે તમે આજે પ્રાપ્ત થયા છો, માટે આ બાળાને વરો. ”

મંત્રીએ પૂછયું “ દેવતાઓને પુત્ર પુત્રીનો અભાવ હોય છે, છતાં તમારે પુત્રી કયાંથી ? ” યક્ષે કહ્યું કે મારી હકીકત સાંભળો—

“પૃથ્વીરૂપી[1]સ્ત્રીના કપાળમાં તિલક સમાન તિલકપુર નામના નગરને વિષે બંને પ્રકારે[2] ધનાઢય એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને શ્રીમતીનામે પતિભક્તિવાળી પ્રમદા હતી. અન્યદા શ્રીજયસિંહસુરિ ગુરૂમહારાજ વનને વિષે પધાર્યા છે એવું સાંભળી શ્રેષ્ઠી તેમને વંદન કરવા વનમાં ગયો. વ્યાખ્યાનમાં ગુરૂમહારાજે પર્વતિથિનું નીચે પ્રમાણે વર્ણન કર્યું.

સર્વ દિવસને વિષે યથાશક્તિ તપ, ક્રિયા વિગેરે આ-

---

૧. પૃથ્વી જાણે કે એક સ્ત્રી હોય તેવું રૂપ તેને આપવામાં આવ્યું છે જે સંસ્કૃતમાં સાધારણ રીતે વારંવાર દૃશ્ય થાય છે.

૨. નામથી અને દ્રવ્યથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચરવું તે શ્રેષ્ઠ છે; પણ જો તેમ ન બની શકે તો પર્વતિથિને દિવસે તો અવશ્ય આચરવું; કારણ કે પર્વદિવસે કરેલું અલ્પ ધર્મકૃત્ય પણ અધિક ફળ આપે છે. શ્રી સિદ્ધાંતમાં પણ કહ્યું છે —" હે ભગવંત ! ભવ્ય જીવોએ બીજ પ્રમુખ પર્વને વિષે કરેલા ધર્માનુષ્ઠાનનું શું ફળ છે? ભગવંત કહે છે કે પ્રાયે પર્વતિથિને વિષે જીવ પરભવનું આયુષ્ બાંધે છે. તેથી સાધુએ, સાધ્વીએ, શ્રાવકે અને શ્રાવિકાએ અથવા અન્ય કોઈ પણ પ્રાણીએ પર્વદિવસોમાં તપ વિગેરે ધર્માનુષ્ઠાન શુભ પરિણામ વડે કરવાં કે જેથી શુભ આયુ:કર્મ બંધાય." આ પ્રમાણે શ્રી નિરયાવળી શ્રુતસ્કંધમાં કહેલું છે.

વળી કહ્યું છે કે "બીજને દિવસે બે પ્રકારનો ધર્મ ( મુનિધર્મ ને શ્રાવકધર્મ ) આરાધવો, પંચમીએ પાંચ પ્રકારના જ્ઞાનનું ( મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવળજ્ઞાન ) આરાધન કરવું, અષ્ટમીને દિવસે આઠ પ્રકારના કર્મ ( જ્ઞાનાવરણીય ઇત્યાદિ ) ને વર્જવા પ્રયત્ન કરવો, એકાદશીએ અગીઆર અંગનું આરાધન કરવું અને ચતુર્દશીને દિવસે ચૌદ પૂર્વનું આરાધન કરવું."

આવશ્યક સુત્રમાં પણ કહ્યું છે કે—"જિન મતને વિષે તપ વિગેરે અનુષ્ઠાન માટે સર્વકાળ ઉચિત કહેલો છે, તેમાં પણ અષ્ટમી, ચતુર્દશીને દિવસે અવશ્ય પૌષધ વ્રત આદરવું એમ કહ્યું છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૌષધાધિકારમાં શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે—
"ત્યાં તુંગિઆ નગરીમાં ઘણા શ્રમણોપાસકો (શ્રાવકો)વસે છે, જેઓ અત્યંત દ્રવ્યવાન્ છે, કાંતિમાનછે તેઅવિચ્છિન્ન એવા વિપુળ ભવન, આસન, સયન, યાન, વાહનાદિકના સ્વામી છે, જાતિવંત છે, રૂપવંત છે, સત્વવંત છે, યાવત્ ચતુર્દશી, પૂર્ણિમા ને અમાવાસ્યાએ પ્રતિપૂર્ણ ( ચારે પ્રકારનો ) પોસહ કરતા સતા પાળતા સતા વિચરે છે. " ઈત્યાદિ.

વળી લૌકીક શાસ્ત્રમાં પણ કહ્યું છે.—

चतुर्दश्यष्टमी चैव, अमावास्या च पूर्णिमा ।
पर्वाण्येतानि राजेंद्र, रविसंक्रातिरेव च ॥ १ ॥
तैलस्त्रीमांससंभोगी, पर्वस्वेतेषु वैपुमान् ।
विण्मुत्र भोजनं नाम, नरकं याति वै मृतः ॥ २ ॥

યુધિષ્ઠિર પ્રત્યે શ્રીકૃષ્ણ કહેછે કે,—" હે રાજેંદ્ર ! ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા, પૂર્ણિમા અને સૂર્ય સંક્રાતિ એ પર્વો કહ્યાં છે. એ પર્વોને વિષે તેલ, સ્ત્રી અને માંસને ભોગવનાર મનુષ્ય વિણ્મુત્ર ભોજન[૧] નામના નરકમાં જાયછે.

જૈનશાસ્ત્રમાં કહ્યુંછે કે—" એકદા પર્વતિથિનું મહાત્મ્ય સાંભળી શ્રેણિક રાજાએ ભગવતને પૂછયું " હે ત્રૈલોક્યનાથ ! પર્વતિથિને વિષે શું કરવા યોગ્ય છે અને શું

૧. જે નરકમાં અન્ન ને પાણી તરીકે વિષ્ટાને મુત્રજ ખાવાં પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વર્જ્ય છે ? ” ભગવંતે કહ્યું-“ પર્વતિથિને વિષે પ્રથમ તો છતી શક્તિએ પૌષધ ઉપવાસ અવશ્ય કરવો; અને જે ઉપવાસ કરવાને અશક્ત હોય તેણે યથાશક્તિ આંબિલ વિગેરે તપશ્ચર્યા યુક્ત પૌષધ કરવો. તેમ પણ ન થઇ શકે તો બે વખત સામાયિક ( પ્રતિક્રમણ ), સર્વ ચૈત્ય તથા સાધુ મુનિરાજને વંદન, ચાર વખત સઝાય અને યથાશક્તિ બાહ્ય-અભ્યંતર તપ કરવો. વળી સચિત્ત આહાર વર્જવો તથા બ્રહ્મચર્ય ધારણ કરવું ઇત્યાદિ ધર્મકૃત્યો કરવાં, તેમજ ન્હાવું, લુગડાં ધોવાં, માથું ગુંથવું, સ્ત્રીસેવન કરવું, ખાંડવું, પીસવું, લીંપવું વિગેરેનો પર્વદિવસે ત્યાગ કરવો. ”

આ પ્રમાણેનો મુનિમહારાજનો ઉપદેશ શ્રવણ કરીને તે શ્રેષ્ઠી પર્વતિથિ સંબંધી નિયમો લઇ ઘરે આવ્યો અને ધર્મકૃત્ય કરતો સતો રહેવા લાગ્યો.

એકદા તે શ્રેષ્ઠી અષ્ટમીને દિવસે પૌષધ વ્રત ધારણકરી કોઇ ખંડિત ઘરમાં કાયોત્સર્ગે રહ્યા હતા, તે વખતે તેની નિશ્ચળતા માટે સૌધર્મેંદ્રે તેની પ્રશંસા કરી; તે સાંભળી માણિભદ્ર દેવે તે શ્રેષ્ઠી પાસે આવી તેને ચળાવવાનો પ્રયત્ન કર્યો; પણ તે ક્ષોભાયમાન ન થવાથી હર્ષિત થયેલા તે દેવે તેની પાસે નાટક કર્યું. સૂર્યોદયે તેણે કાયોત્સર્ગ પાર્યો ત્યારે દેવે કહ્યું-‘ હું સંતુષ્ટ થયો છું માટે કાંઈ વર સાગો. ’ શ્રેષ્ઠીએ કાંઇ પણ માગ્યું નહિ, તોપણ દેવે તેને આકાશગામિની વિદ્યા આપી; પરંતુ કહ્યું કે આ વાતની બે માણસ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શિવાય ત્રીજાને ખબર પડવી જોઇએ નહિ; જો ત્રીજો માણસ તે જાણશે તો તેજ વખત તે વિદ્યા ચાલી જશે, એમ કહી તે દેવ સ્વર્ગમાં ગયો અને શ્રેષ્ઠી પોતાને ઘેર આવ્યો.

પછી વિદ્યાના પ્રભાવથી તે શ્રેષ્ઠી અષ્ટાપદ વિગેરે દૂરના તિર્થોની યાત્રા કરવા લાગ્યો. એકદા તેની પત્નીએ તેનું કારણ પૂછયું, ત્યારે શ્રેષ્ઠીએ તે વાત કોઇ અન્યને જણાવવી નહિ એમ સોગન દઇને તે વાત તેને પ્રેમને લીધે દર્શાવી. એકદા અષ્ટાપદ તીર્થની યાત્રા કરી તે શ્રેષ્ઠી પાછો ફરતો હતો તેવામાં તે આકાશમાંથી અચાનકજ નીચે પડયો; પણ સોંય ઉપર નહિ પડતાં સદ્ભાગ્યે એક તળાવમાં પડયો. 'અરે આ શું થયું ! મારૂં સારૂં ભાગ્ય કે હું શિલા સાથે અથડાયો નહિ' એમ વિચાર કરતો શ્રેષ્ઠી તળાવમાંથી બહાર આવી પાળ ઉપર વિશ્રાંતિ લેવા બેઠો અને વિચાર કરવા લાગ્યો કે ખરેખર તેણીએ ( તેની પત્નીએ ) તે વાત અન્યને કહી હશે. કહ્યું છે કે—

स्त्रीषु गुह्यं जले तैलं, सुपात्रे दानमुत्तमम् ।
शीघ्रं विस्तारमायांति, प्राज्ञेशास्त्रंतथैवच ॥

"સ્ત્રીને કહેલી ગુપ્ત વાત, જળમાં નાંખેલું તેલ, સુપાત્રને આપેલું ઉત્તમ દાન અને બુદ્ધિમાને શીખેલું શાસ્ત્ર શીઘ્ર વિસ્તાર પામે છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી કહ્યું છે કે—

दुर्जनानां नरेन्द्राणां, नारीणां बिलसद्मनां ।
विश्वासो नैवकर्तव्यो, कुगुरूणां विवेकिना ॥

"દુર્જનનો, રાજાઓનો, નારીનો, બિલમાં [1] રહેનારા સર્પાદિ પ્રાણીઓનો અને કુગુરૂનો વિવેકી પુરૂષોએ વિશ્વાસ કરવો નહિ."

અગરજો કે પ્રાણ કંઠે આવ્યા હોય તોપણ સ્ત્રીને કદીપણ ગુપ્ત વાત કહેવી નહિ; જેમ કરવાથી (સ્ત્રીને ગુપ્ત કહેવાથી) પુંડરીક નામના સર્પને ગરૂડ પ્રાણાંત પીડા કરી. તે કથા નીચે પ્રમાણે છે—

"ગરૂડથી ભીતિ પામેલો પુંડરીક નામનો એક સર્પ કોઇ નાના ગામડામાં વિપ્રનો વેષ ધારણ કરી, એક સ્ત્રી પરણી છોકરાઓને ભણાવતો સતો પોતાનું આયુષ્ય ગાળતો હતો. એકદા પોતાની પત્નીને સ્નેહને લીધે તે વાત (પોતે સર્પ છે અને વિપ્ર વેષ ધારણ કરેલો છે) તેણે કહી. તેણી "અહો! હું તો પુંડરીક નાગની પત્ની છું" એમ બોલતી પાણી ભરનારીઓની સાથે આનંદથી તે વાત કરવા લાગી. ગરૂડ કે જે પુંડરીકને શોધતો ફરતો હતો તે પુંડરીક નાગનું વૃત્તાંત સાંભળીને જે સ્ત્રી તે વાત કરતી હતી તેનાજ ઘડા ઉપર ચકલાના વેષે બેસી તેને

૧. બિલ શબ્દે ગુફા પણ સમજવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘેર ગયો અને પુંડરીકની સ્ત્રીના દેખતાં તેને (પુંડરીકને) પકડીને ચાલવા લાગ્યો. તે વખતે "પ્રાણ કંઠે આવ્યા હોય તોપણ સ્ત્રીને ગુહ્ય વાત કહેવી નહિ" વિગેરે મતલબવાળો શ્લોક[1] પુંડરીક બોલ્યો. ગરૂડ તેજ વખતે તે શ્લોક પોતાની પાંખ રૂપ ભીંતોપર લખાવીને તેની પાસેથી શીખી લીધો. તે જોઇને પછી પુંડરીકની પત્નીએ કહ્યું-" ધિક્કાર છે તમને કે ગુરૂને હણો છો. " તે સાંભળી ગરૂડ પુંડરીકને છોડી દીધો, એટલે તે સ્ત્રીભર્તા સ્વસ્થ થયાં.

આ પ્રમાણે અનેક પ્રકારના વિચાર કરતો તે શ્રેષ્ઠી મહાકષ્ટ વડે છ મહિને અષ્ટમીને દિવસે સાંજરે પોતાને ઘેર પહોંચ્યો. તેને આવેલ જોઇ સર્વે ખુશી થયા અને તેનું સન્માન તથા સેવાભક્તિ કરવા લાગ્યા. પછી તેની સ્ત્રી શ્રીમતી તેને સ્નાન કરાવવા ઉઠી, એટલે તેણે કહ્યું- " આજે અષ્ટમી છે. " શ્રીમતીએ હસતાં હસતાં કહ્યું- "આટલા દિવસ સુધી વાળ સાફ ન કરવાથી મસ્તકે જટાજૂટ થયેલ છે તેથી અને આખું શરીર ધૂળ વિગેરેથી વ્યાપ્ત થયેલું છે તેથી છ માસનું તાપસવ્રત તો તમને અનાયાસે

---

1 स्त्रीणांगुह्यं न वक्तव्यं प्राणैः कंठगतैरपि ॥
नीयते पक्षिराजेन पुंडरीको यथा फणी ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાપ્ત થયું છે; મને પણ તેજ પ્રમાણે ષણ્માસી ક્રિયા થયેલ છે તેથી આજે તો બધું માફજ સમજો." એમ કહી હસતાં હસતાં તેણીએ તેના માથામાં તેલ નાંખ્યું. તેણે સ્નેહથી સહન કર્યું, પછી સ્નાન કરીને ભોજન કર્યું. શ્રેષ્ઠી તેના પરના સ્નેહથી કાંઈ પણ બોલ્યો નહિ, અને શ્રીમતીને ઈચ્છાનુસાર કરવા દીધું. ભોજન પછી શ્રીમતીએ પોતાને હાથે તાંબુળ આપ્યું. તે વખતે પણ 'આજે પર્વતિથિ છે' એમ બોલતાં બોલતાં સ્નેહથી તેણે ગ્રહણ કર્યું. વળી બોલ્યો-

चूर्णमानीयतां तूर्णं, पूर्ण चंद्र निभानने ।
सीदंति स्वर्णवर्णानि, पर्णान्याकर्ण लोचने ॥

"હે પૂર્ણચંદ્ર સમાન મુખવાળી! ઉતાવળે (સોપારીનું) ચૂર્ણ લાવ. કારણકે હે કર્ણપર્યંત દીર્ઘલોચનવાળી! સ્વર્ણ સરખા વર્ણવાળાં પાન સીદાય છે."

શ્રીમતીએ તે આપ્યું. આ પ્રમાણે પર્વતિથિ સંબંધી સર્વ નિયમનો તેણે ભંગ કર્યો. તેજ દિવસે શ્રીમતીએ ગર્ભ ધારણ કર્યો.

પછી શ્રેષ્ઠીએ શ્રીમતીને પોતાની વિદ્યાની વાર્તા ત્રીજા માણસને કહેવાનું કારણ પૂછ્યું. એટલે તેણીએ જવાબ આપ્યો 'આપ અષ્ટાપદ ગયા તે દિવસે મારી સખી પોતાના પતિની દેવપૂજા વિગેરે પુણ્યકરણીનું મારી પાસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વર્ણન કરતી હતી ત્યારે મેં કહ્યું " શું કોઈ મારા પતિ સમાન છે? કોઇ નથી, કે જેની ઇંદ્ર તો સ્તુતિ કરે છે અને દેવતાએ જેને આકાશગામિની વિદ્યા આપી છે; જેના પ્રભાવથી તે આજે અષ્ટાપદ તીર્થ જુહારવા ગયા છે." એટલું મેં કહ્યું હતું, બીજું વિશેષ કાંઇ બોલી નહોતી. પછી શ્રેષ્ઠીએ પોતાની સરોવરમાં પડી ગયા વિગેરે સર્વ હકીકત કહી.

તેઓ સુખે સુખે કાળ નિર્ગમન કરતા હતા, એવામાં ગર્ભસમય પૂર્ણ થવાથી શ્રીમતીએ પુત્રીને જન્મ આપ્યો. તે અતિ રૂપવંત હોવાથી તેનું નામ લક્ષ્મી પાડવામાં આવ્યું. અનુક્રમે માતપિતાથી પોષાતી તે આઠ વર્ષની થઇ. અન્યદા કેવળી શ્રીધર્મઘોષ મુનિ ત્યાં પધાર્યા. શ્રેષ્ઠી પોતાની પત્ની તથા પુત્રી સહિત વંદન કરવાને ગયો. દેશનામાં કેવળી મહારાજે કલ્યાણના ભુવનરૂપ ધર્મ પ્રકાશ્યો. તેમણે કહ્યું—

"ધર્મથી ઉત્તમરૂપ તથા ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, ધર્મ મનુષ્ય તથા દેવતા વિગેરેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરે છે અને ધર્મથી પ્રાણી મોક્ષનું સુખ મેળવે છે; માટે દરેક પ્રાણીએ ધર્મ આચરણ કરવું." ધર્મના પ્રભાવથી જીવને વૈમાનિક વિગેરે દેવોની ગતિ પ્રાપ્ત થાય છે. દેવગતિ આશ્રી આ પ્રમાણે સ્થિતિ છે—

"યુગળીઆઓ ઇશાન દેવ લોક સુધી જાય છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમૂર્છિમ તિર્યંચો વ્યંતરને ભૂવનપતિમાં જાય છે, વિષ ભક્ષણ કરવું, અગ્નિમાં બળી મરવું, કુવામાં પડવું, ગળાફાંસો ખાવો અને ક્ષુધા તૃષા વિગેરે સહન કરીને મરવું ઈત્યાદિ પ્રકારે મરણ પામેલાઓ વ્યંતરમાં જાય છે, બાળ તપ કરનારા તેમજ અત્યંત ક્રોધી અસુર કુમારમાં જાય છે, તાપસો જ્યોતિષિમાં જાય છે, પરિવ્રાજકો પાંચમા બ્રહ્મ દેવ લોક સુધી જાય છે, પંચેંદ્રિ તિર્યંચ આઠમા સહસ્રાર દેવ લોક સુધી જાય છે, શ્રાવકો બારમા અચ્યુત દેવ લોક સુધી જાય છે, યતિલિંગી મિથ્યાદ્રષ્ટિ નવમા ગ્રૈવેયક સુધી જાય છે, (જિનવચનને સદ્દહે નહિ તેને મિથ્યાદ્રષ્ટિ જાણવો, કહ્યું છે કે સૂત્રમાં કહેલું એક પદ કે એક અક્ષર ન રૂચે ને બાકીનો બધો ભાગ રૂચે તો પણ તેને જમાળીની જેમ મિથ્યા દ્રષ્ટિ જાણવો. જમાળીનું દ્રષ્ટાંત પોતાની બુદ્ધિથી જાણી લેવું.), છદ્મસ્થ સાધુ સર્વાર્થ સિદ્ધ વિમાન સુધી જાય છે અને કેવળજ્ઞાની સિદ્ધિ પદને પામે છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ ગતિ સમજવી. જઘન્યથી શ્રાવકને સાધુ સૌધર્મ દેવ લોકે જાય છે."

કેવળી ભગવંત આ પ્રમાણે ઉપદેશ આપે છે તેટલામાં પ્રસંગોપાત શ્રેષ્ઠીએ પૂછ્યું-" મારી શી ગતિ થશે ?" કેવળી મુનિએ જવાબ આપ્યો " તું વ્યંતર જાતિમાં યક્ષ થઈશ અને તારી પત્ની યક્ષિણી થશે." શ્રેષ્ઠીએ કહ્યું-" હે ભગવન, મેં સમ્યક્ પ્રકારે ધર્મારાધન કર્યું છે તેનું શું મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવું ફળ પ્રાપ્ત થશે ?" કેવળીએ કહ્યું–" પર્વતિથિનાં નિ-યમનો ભંગ કર્યો તે વખત તમે તેવું આયુષ્ બાંધ્યું છે, તેથી હવે તે અન્યથા થશે નહિ." શ્રેષ્ઠી આ પ્રમાણે સાં-ભળી પોતાની બહુ પ્રકારે નિંદા કરવા લાગ્યો. મુનિ મહારાજ બોલ્યા " વિષયાસક્ત જીવો મનુષ્ય; તિર્યંચ અથવા નરક ગતિ સંબંધી દુઃખો પામે છે; તેમજ વિષયરૂપ વિષથી મોહિત થયેલા જીવોના ધર્મનું ફળ નાશ પામે છે."

આ પ્રમાણે સાંભળી શ્રેષ્ઠીની પુત્રી લક્ષ્મીએ દીક્ષા-ની યાચના કરી. મુનિ બોલ્યા " હે બાળા; તારે હજુ ભોગાવળી કર્મ બાકી છે. તારા માબાપ ભુતરત્ન નામે અટવીને વિષે યક્ષ યક્ષણી થશે, ત્યાં રત્નશેખર નામે નૃપનો મંત્રી મતિસાગર આવશે, તે તને પરણશે. કહ્યું છે કે તિવ્ર પરિણામ વડે પૂર્વે શુભ કે અશુભ જેણે જે કર્મો બાંધ્યા હોય, તે સુખ અથવા દુઃખ રૂપે ઉદય આવતાં તેણે તે અ-વશ્ય ભોગવવાંજ પડે છે." આ પ્રમાણે જ્ઞાની મુનિની વાણી સાંભળી તે ત્રણે પોતાને ઘરે ગયા. અનુક્રમે તે દંપ-તી ત્યાંથી મૃત્યુ પામીને અમે બંને (યક્ષ–યક્ષિણી) થયાં છીએ અને તે પુત્રીને પુત્રવાત્સલ્યના સ્નેહને લીધે અમા-રી પાસે લાવીને રાખી છે. માટે હવે તેનું પાણિગ્રહણ કરો. તમારો બંનેનો સંયોગ કેવળ અનુરૂપજ છે; બાકી તો કોઈ ઠેકાણે વર યોગ્ય હોય છે તો કન્યા અયોગ્ય હોય છે અને કોઈ ઠેકાણે કન્યા યોગ્ય હોય છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો વર અયોગ્ય હોય છે; વર કન્યાનો સમાન સંયોગ તો આ સૃષ્ટિમાં પ્રાયે દુર્લભ છે.”

આ પ્રમાણે પોતે પૂછેલ પ્રશ્નના જવાબમાં યક્ષની કહેલી કથા સાંભળીને યક્ષે કહેલ પાણિગ્રહણ કરવાની પ્રાર્થનાના જવાબમાં મંત્રી બોલ્યો—“જ્યાંસુધી સ્વામીના કાર્યની સિદ્ધિ થઈ નથી, ત્યાં સુધી આ કાર્ય કરવું શું યોગ્ય છે? સ્વામીને ઠગવાના પાતકથી આત્મા નરકમાં પડે છે. કહ્યું છે કે—

स्वामिद्रोही कृतघ्नश्च, मित्रविश्वस्तवंचकौ ।
चत्वारो नरकं यांति, यावच्चंद्रदिवाकरौ ॥

“સ્વામીનો દ્રોહ કરનાર, કૃતઘ્ની તથા મિત્ર અને વિશ્વાસીને છેતરનાર—એ ચારે પુરૂષો સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી નરકમાં જાય છે.”

યક્ષે કહ્યું-“ તમે મારી પુત્રીનું પાણિગ્રહણ કરો, પછી હું તમારો સહાયક થઇશ.” મંત્રી કહે-‘તેની શું ખાત્રી?’ યક્ષ બોલ્યો-“જો હું તમારા સ્વામીનું કાર્ય ન કરી આપું તો પાંચ પર્વીના નિયમભંગના પાપે હું લેપાઉં. કહ્યું છે કે-જે પ્રાણી ગુરૂ પાસેથી નિયમગ્રહણ કરીને પછી મોહના પરવશપણાથી તેનું ખંડન કરે છે અને તેનું પ્રાયશ્ચિત પણ લેતો નથી તે પ્રાણી દુર્લભબોધી થાય છે”. યક્ષની આવી કબુલત મળવાથી મંત્રીએ લક્ષ્મીનું પાણિગ્રહણ કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી યક્ષ ખુશી થઇને બોલ્યો-"હવે તમારા સ્વામીનું શું કાર્ય છે તે કહો." મંત્રીએ કહ્યું-"મારા નૃપને રત્નવતીને પરણવાની ઈચ્છા હોવાથી મારે તેની શોધ કરવી છે." અવધિજ્ઞાન વડે જોઇને યક્ષ બોલ્યો-"સમુદ્રની મધ્યમાં સાતસો યોજનના પ્રમાણવાળા સિંહલદ્વીપમાં જયપુર નામે નગર છે. તે નગર કેવું છે? કોઇપણ પ્રકારના દોષરહિત એવા તે નગરમાં એક દોષ તો દેખાય છે, તે દોષ એ છે કે ત્યાં રહેનારા મનુષ્યો પારકા ગુણરૂપી રત્નોનું નિરંતર અદત્તાદાન લે છે; અર્થાત્ પારકા ગુણોની ચોરી કરે છે. તે નગરમાં જયસિંહદેવ નામે રાજા છે. તે કેવો છે? જેમ સર્વધર્મમાં જૈનધર્મ શ્રેષ્ઠ છે, તેમ સર્વ રાજાઓમાં તે રાજા ન્યાય વડે અને ધર્મ વડે પ્રધાન (શ્રેષ્ઠ) છે. તે રાજાને રત્નવતી નામે કન્યા છે. તેણી કેવી છે? તેના રૂપનું બહુ વર્ણન કરવાથી શું! ટુંકામાં તેનું રૂપ અને લાવણ્ય એટલું નિરૂપમ છે કે ઇંદ્રાણીઓ પણ તેવું રૂપ અને લાવણ્ય પ્રાપ્ત કરવા માટે તેની પૂજા કરે છે." આ પ્રમાણેનું તેનું વર્ણન સાંભળી મંત્રી વિચારવા લાગ્યો "અહો! કામરાજનું માહાત્મ્ય કેટલું પ્રબળ છે કે જેણે આટલે બધે દૂર રહેલી યુવતી રૂપી બાણથી અમારા રાજાને વીંધી નાંખ્યો છે." પછી તેણે પોતાને ત્યાં લઈ જવા માટે યક્ષને વિજ્ઞપ્તિ કરી. યક્ષે તત્કાળ નિમેષ માત્રમાં તેને ઉપાડીને જયપુરના ઉપવનમાં મૂકયો અને કહ્યું-"આ જયપુર શહેર છે." પછી રૂપ બદલી શકાય તેવી (રૂપપરાવર્ત્તની) વિદ્યા આપીને કાર્ય સિદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવાનું તથા કામ હોય ત્યારે પોતાને સંભારવાનું કહી યક્ષ પોતાને સ્થાનકે ગયો.

મંત્રી કિલ્લો, ખાઇ અને શ્રેષ્ઠ એવા નગર જનોના આવાસોથી શોભિત તે શહેરને નિહાળવા લાગ્યો. જ્યાં ભાનુના મિત્ર સમાન સુવર્ણ કુંભો જિનમંદિરના શિખરરૂપ સ્થાનને પામીને દંડાને પોતાના હાથમાં ગ્રહણ કરી ધ્વજરૂપ હસ્તોવડે સૂર્યની પણ તર્જના કરતા હતા. આકાશસુધી પહોંચે તેવા ઉંચા પોતાના મકાન ઉપર રહેલા પૌરજનો જિનમંદિરના શિખર ઉપર પડતાં ચંદ્ર કિરણોને લીધે ઉત્તેજિત થયેલા સ્વર્ણ કુંભોરૂપ દર્પણમાં વગર પ્રયાસે પોતાના મુખો જોઇ શકતા હતા. અહો! ત્રણ જગતના લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી આ નગરની શોભા છે. કારણ કે તે નગરમાં ધર્મ સહિત લક્ષ્મી, ન્યાયયુક્ત વહેવાર અને સન્માન પૂર્વક દાન દૃષ્ટિએ પડે છે. આ પ્રમાણે નગરની શોભાને જોતા મંત્રીએ શહેરની નજદીક જઇને યક્ષે આપેલી વિદ્યાવડે જેના હાથમાં સુવર્ણનો દંડ શોભી રહ્યો છે એવો યોગિનીનો વેષ ધારણ કર્યો; પછી યોગિની રૂપે મંત્રી વિચિત્ર પ્રકારોથી લોકોના મનને રંજન કરતો કન્યાના અંતઃપુરની પોળ[1] પાસે પહોંચ્યો. પ્રતિહારી પાસે અંદર જવાની રજા મંગાવી. અનુજ્ઞા મળવાથી તે અંદર દાખલ થયો અને રત્નવતીનું અનુપમ લાવણ્ય જોઈ ચકિત થયો. તે મનમાં વિચારવા લાગ્યો–“ અહો !

૧. દરવાજો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિધાત્રાએ આનું રૂપ અનિર્વચનીય બનાવ્યું છે. મદોન્મત્ત હસ્તી સરખી જેની ચાલ છે, પહેરેલા રેશમી વસ્ત્રથી જે વપ્ર વિભુષિત જણાય છે, નિવિડ ચોટલારૂપી પતાકા વડે શોભતી અને લીલાવાળા ઉલ્લસાયમાન ઉરોજથી સુવર્ણ કુંભવાળી જણાય છે: તેથી જાણે કે આ કામદેવની રાજધાનીજ હોય તેવી શોભે છે. પાકા બિંબફળ જેવા જેના અધર છે, ભીતિ પામેલા મૃગના બચ્ચાં જેવાં જેના ચક્ષુ છે અને પૂર્ણ ચંદ્રમા જેવું જેનું મુખારવિંદ છે એવી આ કન્યાની ઉપર મારો રાજા મોહ પામ્યો તે યોગ્યજ છે."

કન્યાએ પણ તે અદ્ભુત યોગિનીને જોઇ આસન આપી કુશળ સ્વાગતાદિ પૂછ્યું. યોગિની બોલી—

જરા આવે જોબન ગળે, નિત ઉગમતે ભાણ;
બાળા કુશળ ન પૂછીએ, દિન દિન દિસે હાણ.

"હંમેશ સૂર્યનો ઉદય થતાંજ જરા આવતી જાય છે ને જોબન ગળતું જાય છે, તેથી જ્યાં દિવસે દિવસે હાણિ છે ત્યાં હે બાળા! કુશળ પૂછવુંજ નહિ." વળી

गर्भावासे महद्दुःखं, विशेषान्निर्गमेपुनः ।
गर्भागतानां जीवानां, स्वागतं पृच्छयते कथं ॥

"ગર્ભમાં રહેવું તે મહા દુઃખ છે અને ગર્ભમાંથી બહાર આવવું તે તેથી પણ વધારે કષ્ટકારક છે; માટે ગર્ભ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંથી બહાર આવેલા જીવોને સ્વાગત શું પૂછવું?"

કન્યા આવો ઉત્તર સાંભળી ચકિત થઇ ગઇ અને પૂછ્યું "આપ ક્યાં રહો છો?" યોગિની બોલી—

"કાયા પાટણ હંસ રાજા, ફિરે પવન તલારો;
તીણે પાટણ વસે યોગી, જાણે યોગ વિચારો.

"કાયારૂપી પાટણ છે, જ્યાં હંસ નામે રાજા છે અને પવનરૂપી કોટવાળ જ્યાં ફર્યા કરે છે, તે પાટણમાં આ યોગી વસે છે અને યોગ સંબંધી વિચાર જાણે છે."

કન્યાએ 'અહો આતો વૈરાગ્યના રંગવાળી છે' એમ જાણી તેને પોતાની પાસે રાખી અને વાતચીતના કૌતુકમાં મધ્યાન્હનો સમય થયો એટલે યોગિનીનું પાત્ર પણ પુરાવ્યું. ભોજન કર્યા પછી રત્નવતીએ અધ્યાત્મ સબંધી પૂછ્યું, એટલે યોગીની બોલી—

એકે મઢુલી પાંચ જણાં હો, છઠો વસે ચંડાળો;
નિકાલતાં ન નીકળે, રહે તીણે કીયો વિટાલો.

"કાયા રૂપી મઢુલીમાં પાંચ ઇંદ્રિયરૂપ પાંચ જણા રહે છે અને છઠ્ઠો મન રૂપી ચંડાળ રહે છે; તે કાઢતાં નીકળતો નથી અને રહીને તેણે બગાડ કર્યો છે."

**આવા પ્રકારનું મન રૂંધન કરવા યોગ્ય છે. વળી જ્યાં મન છે ત્યાં મરૂત (વાયુ) છે અને જ્યાં મરૂત છે ત્યાં મન**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે; તેથી તે બંને તુલ્ય ક્રિયાવાળા છે અને ક્ષીર નીરની જેમ મળેલા છે. જેમ સિંહ, વાઘ ને હાથી વિગેરે પ્રાણીઓ ધીમે ધીમે વશ થાય છે, નહિતો તેને પકડવા જનારને મારી નાંખે છે, તેમ આ અસંયત વાયુ પણ ધીમે ધીમે વશ કરવા યોગ્ય છે. તેથી તેને ઘટિત રીતે તજવો, ઘટિત રીતે સેવવો, અને ઘટિત રીતે બાંધવો. એ પ્રમાણે કરવાથી પ્રાણી સિદ્ધિને મેળવે છે. રેચકથી વાયુને કાઢવો, પૂરકથી પૂરવો અને કુંભકથી વાયુને સ્તંભિત કરવો, જેથી સર્વે વ્યાધિ નષ્ટ થઇ જાય.[1] આ પ્રમાણે ગોષ્ઠીઆલાપમાં તેઓ વખત પસાર કરવા લાગ્યા.

એકદા એકાંતમાં તે કન્યાએ યોગિની વેશવાળા મંત્રીને પૂછ્યું-"તમને આવી યુવાવસ્થામાં વૈરાગ્ય ક્યાંથી પ્રાપ્ત થયો?" યોગિની બોલી—

जम्म जरा मरणाणं, ठाणं संसार एत्र सव्वेसिं ।
वेरग्गस्स निमित्तं, संजोग विजोग दुहभारिओ ॥

ભાવાર્થ—"જન્મ, જરા અને મરણ યુક્ત અને સંયોગ તથા વિયોગના દુ:ખથી ભરપૂર આ સંસાર સર્વે મનુષ્યોને વૈરાગ્યનુંજ નિમિત્ત છે." બાકી મારા વૈરાગ્યનું વિશેષ નિમિત્ત આ પ્રમાણે છે—

૧ આ બધા શ્લોકો છે, અહીં વૃદ્ધિ થવાના કારણથી લખ્યા નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હસ્તિનાપુર નગરમાં સૂર નામે ક્ષત્રિય રહેતો હતો; તેને ગંગા નામે પત્ની હતી. તેઓને સુમતિ નામે એક પુત્રી થઇ હતી. તેનું વેવિશાળ તેના પિતા, માતા, મામા અને ભાઇએ જુદે જુદે ઠેકાણે કર્યું. ચારે વર સાથે પરણવા આવ્યા. તેમાંથી સુમતિને કોણ પરણે તેનો વિવાદ ચાલતાં તેઓ વચ્ચે યુદ્ધ થયું. તેમાં પોતાને નિમિત્તે ઘણા માણસોનો ક્ષય થતો જોઈ તે કન્યાએ અગ્નિમાં પ્રવેશ કર્યો. તે સાંભળી ચાર વરમાંથી એક તેની સાથે ચિતામાં પડી બળી મર્યો; બીજો તેના હાડકાને ગંગામાં ક્ષેપન કરવા ચાલ્યો; ત્રીજો તેની ભસ્મ એકઠી કરી સમુદ્રમાં નાંખવા ચાલ્યો અને ચોથો ત્યાંજ સ્મશાન બેસી રહ્યો. તે ભોજન વખતે ચિતા સ્થાને નિત્ય પિંડ મૂકીને જમતો.

હવે ત્રીજો વર જે ભસ્મ લઇને સમુદ્ર તરફ જતો હતો, તેણે એકદા કોઇ ગામડામાં કોઈ રાંધનારીના ઘરમાં રસોઈ કરાવી અને પોતે જમવા બેઠો. પેલી બાઇ તેને પીરસતી હતી, પરંતુ તેનું બાળક રૂદન કરી કરીને તેને કામ કરવા દેતું નહોતું, તેથી ગુસ્સે થઇને તે બાળકને તેણે અગ્નિમાં નાંખી દીધું. તે જોઇને પેલો જમવાનું પડયું મૂકી ઉભો થવા લાગ્યો અને ' અરે ! પાપિણી! આ કેવું અધર્મ કર્યું ?' એમ ગુસ્સામાં બોલ્યો. તેણીએ કહ્યું-" ભાઈ, તું શાંતતાથી ભોજન કર, મારા છોકરાને કોઈપણ પ્રકારે ઇજા આવશે નહિ. કેમકે છોકરાં કોઇને પણ અનિષ્ટ હોતાં નથી. છોકરાંને માટે માબાપ શું શું નથી કરતાં ? માટે હું તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી જીવતો કરીશ." 'અહો! આતો મહા અદ્ભુત વાત છે' એમ વિચારતો તે ઉતાવળો જઈ ઉઠયો. પેલી બાઇએ પણ ત્યારબાદ ઘરમાંથી એક શીશો લાવી તેમાંથી તેના ઉપર અમૃતના છાંટા નાંખ્યા, એટલે તે બાળક ચૂલામાંથી પગના ઘુઘરા ઘમઘમાવતો નીકળ્યો. પેલો માણસ પણ 'આ મોટો ચમત્કાર છે' એમ ચિંતવતો સતો ગ્રામાંતર જવાનું કહી આખો દિવસ પસાર કરી સાયંકાળે તે બાઇને ઘેરજ પાછો આવ્યો અને 'મને કોઈ સથવારો મળ્યો નહિ' એમ ઉત્તર આપી તેને ત્યાંજ સુતો. મધ્ય રાત્રિએ પેલો અમૃતકૂપો લઇ હસ્તિનાપુર પાછો આવ્યો. ત્યાં રક્ષક તરીકે રહેલા વરની દૃષ્ટિસમક્ષ તેણે પેલી કન્યાના ચિતાસ્થાન ઉપર અમૃતનું નિક્ષેપન કર્યું, એટલે તેમાંથી તરતજ સાથે બળી ગયેલ પુરૂષ અને કન્યા બંને ઉભાં થયાં, તેટલામાં જે પુરૂષ ગંગામાં અસ્થિ નાંખવા ગયો હતો તે પણ આવી પહોંચ્યો. ચારે એકઠા થવાથી તેઓ વચ્ચે ફરીથી વિવાદ શરૂ થયો. પછી સર્વે મળીને ત્યાંના બાળચંદ્ર નામે રાજાની સભામાં ન્યાય કરાવવા ગયા. રાજાએ તેમનો ન્યાય કરવા અનુભવી મંત્રીઓને હુકમ કર્યો. કહ્યું છે કે-

"રણસંગ્રામ પાસે આવી પહોંચ્યો હોય તેવે વખતે, કોઇ કાર્યમાં બુદ્ધિ મૂંઝાઈ ગઇ હોય ત્યારે અને દુર્ભિક્ષના વખતમાં જે પુરૂષો તરફ યોગ્ય સલાહ કે મદદ માટે દૃષ્ટિ ફેરવીએ તેવા પુરૂષો બહુ વિરલા હોય છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃદ્ધ અમાત્યે સર્વ હકીકત સાંભળ્યા પછી કહ્યું–"સાંભળો, તમારો વાદ ભાંગી નાંખુ છું. જેણે તે કન્યાને જીવાડી તેતો તેના પિતા તુલ્ય થયો, જે ચિતામાંથી સાથે જીવતો થયો તે ભાઈ તુલ્ય થયો, જે ગંગામાં અસ્થિક્ષેપન કરવા ગયો હતો તે તેના પુત્ર તુલ્ય થયો; તેથી જેણે ચિતાસ્થાનનું રક્ષણ કર્યું તે તેનો ભર્તા થવા યોગ્ય છે." આ પ્રમાણે તેમના વાદનો નાશ થવાથી તે કન્યા ચતુર્થ પુરૂષ જેનું રૂપચંદ્ર નામ હતું, તેની સાથે શુભ મુહૂર્તે પરણી.

રૂપચંદ્ર તેને લઇને પોતાને ગામ ગયો. તેણી ભાગ્યવાન હોવાથી તે રૂપચંદ્ર એક ખંડીઓ રાજા હતો તેનો મોટો દેશપતિ થયો. કહ્યું છે કે 'કોઇ દંપતી પતિના પુણ્યથી, કોઇ પત્નીના પુણ્યથી અને કોઈ બંનેના પુણ્યથી ઋદ્ધિવાન્ થાય છે.' સ્નેહથી તે રાજાએ તેને પટરાણીની પદવી આપી.

એકદા રૂપચંદ્ર પોતાની વામ બાજુએ તેને બેસાડી ગવાક્ષ (ગોખ) માં બેઠો સતો માતંગ[1] અને માતંગી[2]ના ગીતો સાંભળતો હતો; તે માતંગીના રૂપ ઉપર મોહિત થયો સતો વિચારવા લાગ્યો, 'ખરેખરી રીતે જોતાં જન્મ સ્થાન નિર્મળ નથી, વર્ણ પણ વર્ણનીય નથી, બીજી શોભા ભલે ન હોય પણ શરીર પર લગાડી સતિ જે કાદવ જેવી લાગે છે એવી કસ્તુરી સર્વ

---

૧ ઢેડ. ૨ ઢેડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુગંધી દ્રવ્યોના અભિમાનનો નાશ કરે છે, તે માત્ર તેના પરિમળ ગુણ વડેજ કરે છે. આ પ્રમાણેની અન્યોક્તિથી માતંગીના રૂપ સંબંધી વિચાર કરીને તેણે પોતાનો હાર માતંગને આપ્યો; અને કહ્યું-"આ તારી પ્રિયાને મારા મહેલની પાછલની વાટિકામાં મોકલજે." આ જોઇને સુમતિએ વિચાર્યું કે 'ધિક્કાર છે લજ્જા વિનાના નરોને, કે જેઓ સ્વાધીન એવી પોતાની સ્ત્રી છતાં જેમ કાગડો પાણીથી ભરેલું તળાવ છોડી દઇને ઘડાનું પાણી બોટે છે તેની જેમ નીચ એવા પરસ્ત્રી લંપટના દુર્વ્યસન તરફ વૃત્તિ કરે છે.[૧]'

અહો! વિષયનું અત્યંત દુર્જયપણું છે. કહ્યું છે કે—

भिक्षाशनं तदपि निरसमेकवारं ।
शय्या च भूः परिजनो निजदेहमात्रं ॥
वस्त्रं विशीर्ण पटखंडमयी च कंथा ।
हाहा तथापि विषया न परित्यजंति॥

"ભિક્ષાથીજ મેળવેલું અને નિરસ એવું ભોજન તે પણ માત્ર એકજ વાર મળતું હોય, શય્યામાં માત્ર ભૂમિજ હોય, પરિજનમાં માત્ર પોતાનોજ દેહ હોય અને લુગડામાં

---

૧ स्वाधीनेपि कलत्रे, नीचःपरदारलंपटो भवति ।
संपूर्णेपि तडागे, काकःकुंभोदकं पिबति ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માત્ર ફાટીતુટી જીર્ણ થઈ ગયેલી કંથાજ હોય તોપણ અહો! વિષયો ત્યજાતા નથી." વળી 'કામદેવ વિશ્વાસ કરવા યોગ્ય નથી અને ઐશ્વર્યવાળા પુરૂષોથી દુઃખે પ્રતિકાર કરવા યોગ્ય છે. ભલાવ્રતને ધારણ કરનાર મુનિમહારાજ પણ મહાપ્રયાસે તેને જીતી શકે છે.'

આપ્રમાણે વિચાર કરતી અને પતિથી વિરક્ત થયેલી સુમતિ તત્કાળ યોગિની થઈ ગઇ. રૂપચંદ્રે તેને નિષેધી ત્યારે તે બોલી —

प्रत्यक्षेपि कृतेपापे, मूर्खो नैवावबुध्यते ।
स्कंधारोपितदुर्वृत्तां, नापितः पूरणो यथा ॥

"પ્રત્યક્ષ પણ પાપ કરે તોપણ મૂર્ખ હોય તેજ તેનાથી બોધ પામતો (સમજતો) નથી. જેવી રીતે કોઇ ગામમાં પૂરણ નામના નાપિતે પોતાની દુરાચરણી સ્ત્રીને પણ સ્કંધપર આરોપિત કરી હતી." તેની કથા આ પ્રમાણે છે.

"એક ગામમાં પૂરણ નામે નાપિત રહેતો હતો, તેની ભાર્યા બહુ દુરાચરણી હતી, તે વાતની શંકા પડવાથી ખાત્રી કરવા માટે પૂરણ ગ્રામાંતર જવાનું બહાનું કાઢી દિવસે ગામમાં કોઇ ઠેકાણે સંતાઇ રહી સાંજરે સહેજ રાત્રિનો સમય થયો ત્યારે તેણી પાણી ભરવા માટે બહાર ગયેલી હતી, તેવેવખતે પોતાને ઘેર આવી પોતાના ઢોલીઆ નીચે છુપાઈ ગયો. તેની ચંચળ પત્ની તે દિવસે એવી તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખુશી થયેલી હતી કે પુંશ્ચલીની[1] જેમ જેજે પુરૂષને મળતી તેને તે ઇશારા કરતી અને ઘરે આવવાનું સૂચવતી. એવા પ્રકારનું સાહસ કરતી તે સ્ત્રી કોઇ પર પુરૂષની સાથે સંકેત કરીને ઘેર આવી અને તેનો ધણી જે ખાટલા નીચે સંતાઇ રહ્યો છે તેજ ખાટલા ઉપર બેઠી; સાંકેતિક પુરૂષ પણ તરતજ આવ્યો અને તેની સાથે બેઠો. પછી તેનું મન રીઝવવા માટે ઉભી થઇને આમ તેમ ચાલતાં તેણીનો હાથ ઢોલીઆ નીચે છુપાયેલ તેના પતિના શરીરને અડકયો; તેથી તેણીને શંકા પડી કે જરૂર અહીં મારો પતિજ છે, એટલે તે પેલા પુરૂષને કહેવા લાગી "મને સતીને સ્પર્શ કરશો નહિ." તે બોલ્યો-"ત્યારે મને શાઆટે બોલાવ્યો?" તેણી બોલી-"સાંભળો, આજ રાત્રે મારી કુળદેવીએ આવીને મને કહ્યું, 'હે વત્સે, તારો પતિ મરી જશે.' તે સાંભળીને ભય પામેલી હું બોલી-'હે દેવી, એવો કોઇ ઉપાય છે કે જેથી મારો પતિ જીવે?'

દેવી — 'એક ઉપાય છે, પણ તે તારાથી સિદ્ધ થશે નહિ.' હું બોલી -'મારા પતિને માટે હું પ્રાણ પણ તજવા તૈયાર છું.' દેવી-'તું પ્રાણ ત્યજીશ તેથી કાંઇ તે કાર્ય સિદ્ધ થશે નહિ.'

હું બોલી -'ત્યારે જે ઉપાય હોય તે કહો.'

---

૧ વ્યભિચારિણી સ્ત્રી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવી—' તું બીજા પુરૂષ સાથે રમણ કર.' તે સાંભળતાંજ મેં અશ્રાવ્ય[1] વચન જાણી મારા કાન ઢાંકી દીધા.

દેવી ફરીથી બોલી-' તારે માત્ર પરપુરૂષ સાથે એક શય્યા ઉપર બેસવું, તેથી તારા પતિનું શત વર્ષનું આયુષ્ય વધશે.' મેં તે કબુલ કર્યું એટલે દેવી અદૃશ્ય થઇ.

નાપિતી કહે છે-"આ કારણને લીધે મેં તમને બોલાવ્યા છે અને મારી સાથે એક શય્યાપર બેસાડ્યા છે, પણ તમારે મને સ્પર્શ કરવો નહિ. કહ્યું છે કે-

गति युगलमेवोन्मत्त पुष्पोत्करस्य
जिनपतितनुपूजा वाथवा भूमिपातः ।
विमलकुलभवानामंगनानां शरीरं
पतिकर करजो वा सेवते सप्तजिव्हः ॥

' ઉત્તમ જાતિના પુષ્પોની બે ગતિજ હોય; કયાં તો તે જિનેશ્વરના શરીર (પ્રતિમા)ની પૂજાના ઉપયોગમાં આવે, અથવા તો ભૂમિપર પડીને કરમાઇ જાય. તેવીજ રીતે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી અંગનાનાં શરીરને તેના પતિના કરના નખનોજ સ્પર્શ થાય, અથવા તો અગ્નિનો સ્પર્શ થાય; બીજાનો સ્પર્શ ન થાય.' "

---

૧ સતીને ન સાંભળવા યોગ્ય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણેની બધી વાત સાંભળી પેલો મૂર્ખ ઉ-જામ આ સ્ત્રી ચરિત્રને સત્ય માની ખાટલા નીચેથી બા-હાર આવી 'હે પતિવ્રતે, તને સ્ત્રીપણે મેળવનાર હું ભા-ગ્યવાન્ છું;' એમ બોલતો તે બંનેને પોતાના સ્કંધ ઉપર આરોપણ કરી મોટેથી પટહ વગાડતો, 'મારી પત્નીએ મારૂં સો વર્ષનું આયુષ્ વધાર્યું, એમ મોટેથી બોલતો અને હર્ષથી નાચતો પોતાના સ્વજનોના ગૃહમાં તે ફર્યો; તે જોઇને કોઈ ડાહ્યો પુરૂષ તેની ભાર્યાનું સર્વ વૃત્તાંત જાણી બોલ્યો—

> प्रत्यक्षेपि कृते पापे मूर्खो नैवावबुध्यते ।
> स्कंधारोपितदुर्वृत्तो, नापितः पूरणो यथा ॥

પેલી સુમતિ કે જેણે યોગિનીનો વેષ ધારણ કર્યો હતો તેણે પોતાના પતિને કહ્યું-"શું હું પણ એ નાપિત જેવી મૂર્ખ છું કે તમારૂં પ્રત્યક્ષ દુરાચરણ દીઠા છતાં બોધ ન પામું?" એમ બોલી તે યોગિની ત્યાંથી ચાલી નીકળી અને પૃથ્વી ઉપર ફરતી ફરતી અહીં આવી; તે યોગિની હું છું એમ જાણ." આ પ્રમાણે મતિ-કલ્પિત વૃત્તાંત મંત્રીએ યોગિની વેષે રાજપુત્રીને કહ્યો.

તે કન્યા બોલી-"આ સુમતિ નામની યોગિની ખ-રેખરી પ્રશંસા કરવા યોગ્ય છે કે જે આવા પ્રકારના કા-મભોગમાંથી યૌવનાવસ્થામાં વિરક્ત થઇ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી યોગિનીએ પૂછ્યું—" હે ભદ્રે, તું નરદ્વેષિણી કેમ થઇ છે ? "

કન્યા—" તે વાર્તાથી શું. કારણ કે તે જેમ છે તેમ છે, જો બીજ હશે તો કોઇ દિવસ ફળશે; બાકી તો સૂનાદેવળમાં અવરજવર કે એક તરફથી બુમ ને બીજી બાજુ જવા જેવું હશે તો તે નકામું છે."

યોગિની બોલી—" કેવી રીતે ? "

રાજકન્યા નિઃશ્વાસ નાંખીને બોલી,—" તે એક લાંબી વાર્તા છે; પરંતુ કોઇને કહેવાને હું સમર્થ નથી. કારણ કે જે પરદુઃખની વાત જાણી શકે અને જે દુઃખને ફેડવા સમર્થ હોય, તેને દુઃખની વાત કહેવી, બીજાને કહેવાથી શું ફાયદો થાય ? વળી પરદુઃખ સાંભળીને જે પુરૂષ તે દુઃખી સાથે સમભાવવાળો ( દુઃખી ) થાય, અથવા તે દુઃખનું હરણ કરી શકે તેને દુઃખની વાત કહેવી યોગ્ય છે. પણ તમે સદ્ધ્યાનના તેજ વડે કરકમળમાં રહેલ મુક્તાફળની માફક સકળ લોકનું સ્વરૂપ જુઓ છો, વળી સર્વ લોકનાં મનનાં વિશ્રામસ્થાન છો અને સર્વ કાર્ય કરવાને સમર્થ છો તેથી હું તમને મારી વાર્તા કહીશ. હે સખિ, હું નરદ્વેષિણિ નથી પણ વરની અભિલાષિણી છું. પરંતુ મંદભાગ્યવાળી હોવાથી વરને પ્રાપ્ત કરી શકતી નથી. "

યોગિની—" જેમાં અનેક ઉત્તમ એવા મનુષ્ય તથા વિદ્યાધર છે એવી આ ભૂમિમાં તને વર મળતો નથી ? "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કન્યા—' જેને માટે મનમાં સ્નેહ ઉત્પન્ન ન થાય તેવા પતિને શું કરવો ?'

યોગિની—' તારો સ્નેહ કોની સાથે છે ?'

કન્યા—' પૂર્વ ભવના પતિની સાથે.'

યોગિની—' તારો પૂર્વ ભવ શી રીતે છે ?'

કન્યા—" મારો પૂર્વ ભવ સાંભળો—

અયોધ્યાની નજીકના વનમાં એક મૃગ અને મૃગી રહેતા હતા; તેઓ એક બીજા ઉપર બહુ સ્નેહભાવથી વર્તતા હતા. એકદા દશરથ રાજાના પુત્ર રામચંદ્ર રાજ્ય ત્યજી, સંયમ ગ્રહણ કરી તે વનમાં આવ્યાં અને ત્યાં તપસ્યા કરવા લાગ્યા. તેમના આવવાથી વાઘ, સિંહ વિગેરે વિકરાળ પશુઓ પણ શાંત થઇ ગયાં. કહ્યું છે કે ' જે સ્થાને ઉત્તમ મુનિરાજ વિહાર કરે તે સ્થાને તેમના પુણ્યનો અત્યંત પ્રસાર થવાથી સર્વ દુરિત ઉપશમી જાય છે અને સર્વનો પરસ્પર વૈર વિરોધ નાશ પામે છે.'

એકદા તે મુનિ મહારાજને એક કાષ્ઠ ઉપાડનાર કઠીઆરે કહ્યું, ' હે મહારાજ, થોડા અક્ષરમાં મને ધર્મ જણાવો.' શ્રી રામે કહ્યું—

धणओ धणत्थियाणं । कामत्थीयाणं तु सव्व कामयरो ॥

सग्गापवग्गासंगम । हेउजिणदंसिओ धम्मो ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"ધનના અર્થીને ધન આપનારો અને કામના અર્થીના સર્વ વાંચ્છિત પૂરનારો તેમજ સ્વર્ગને અપવર્ગના સંગમનો હેતુભૂત શ્રી જિનેશ્વર ભાષિત ધર્મ છે," તેવો ધર્મ જો તું સર્વ દિવસે ધર્મ કરવાને શકિતવાન્ ન હો તો તારે પર્વ તિથિ તો અવશ્ય પાળવી.' આ પ્રમાણે ઉપદેશ આપ્યો તથા બહુ પ્રકારના આરંભનો ત્યાગ કરવાનો તથા પૌષધાદિ વિધિને વિષે રક્ત થવાનો પણ ઉપદેશ આપ્યો. તે ઉપરથી શ્રદ્ધાવાન્ થયેલા એવા તેણે પર્વ દિવસોનું સ્વરૂપ પૂછ્યું. તેના જવાબમાં મુનિ બોલ્યા-' બીજ, અષ્ટમી, એકાદશી, ચતુર્દશી, પૂર્ણિમા અને શ્રુતતિથિ (પંચમી) ઇત્યાદિ પર્વો જિનેશ્વર ભગવાને પુણ્યકાર્ય કરવાને માટે કહેલા છે. એ પર્વના દિવસોને વિષે જે ભવ્ય જીવો તપ, નિયમ, શિયળ, દેવપૂજાદિ પુણ્યકરણી કરે છે તે શુભ કર્મનો બંધ કરે છે.'

આ પ્રમાણે સાંભળી પેલા કઠીઆરાએ પર્વતિથિએ ધર્મ કરવાનું અંગીકાર કર્યું. તે વખતે ત્યાં આવેલા પેલા મૃગ-મૃગીએ પણ તે સાંભળ્યું. તેથી તેઓ પણ પર્વને દિવસે ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને શ્રી રામની સમીપે બેસી રહેવા લાગ્યા. નમસ્કારમંત્ર પણ તેઓ પોતાના હૃદયમાં શીખ્યા. તે મૃગ-મૃગીને સંજ્ઞા સર્વ હતી, પણ પશુ પણાથી બોલવાની શક્તિ નહોતી. કહ્યુંછે કે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अपदाः पदमिच्छन्ति, इच्छंति पशवो गिरं ।
मानवा ज्ञानमिच्छंति, सिद्धिमिच्छंति योगिनः ॥

'પગ વિનાના પ્રાણીઓ પગ ઇચ્છે છે, પશુઓ વાચા ઈચ્છે છે, માનવો જ્ઞાન ઇચ્છે છે, અને યોગીઓ સિદ્ધિને ઇચ્છે છે.' અનુક્રમે તે બંને આયુષ પૂર્ણ થયે મૃત્યુ પામ્યા; તેમાંથી મૃગી તે હું રાજસુતા થઇ, અને મૃગ શી ગતિમાં ગયો તે હું જાણતી નથી. તેથી તેના અભાવથી હું કોઈ અન્ય પુરૂષ સાથે પાણિગ્રહણ કરતી નથી. કહ્યું છે કે- 'અર્થ, કામ, ધર્મ, શીલ, રૂપ અને વયમાં જે પુરૂષની સમાનતા હોય તે વર યુવતીને સુખ આપનારો થાય છે.' "

યોગિની આ સર્વ વૃત્તાંત સાંભળીને બોલી-" તેં તારો પૂર્વભવ કેવી રીતે જાણ્યો. ? "

કન્યા— 'જાતિસ્મરણથી.'

યોગિની— 'જાતિસ્મરણ કેવી રીતે થયું ?'

કન્યા— 'સાંભળો, જ્યારે હું આઠ વર્ષની થઇ અને કળાઓ શિખતી હતી ત્યારે આશ્વિન માસની પૂર્ણિમાને દિવસે રાત્રિએ મારી અગાશીમાં હું બેઠી હતી, તે વખતે વનમાં સિંહની જેમ આકાશમાં ચંદ્ર ઉદય પામીને ઉંચે ચડયો હતો. તે વખતે મારી સખીએ કહ્યું- "અહો ! લક્ષ્મીનું જાણે ક્રીડા તળાવ હોય, રતિદેવીનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધવળ ગૃહ હોય, દિગ્ વધૂઓનું દર્પણ હોય, શ્યામલતાનું કુસુમ હોય, ત્રણ ભુવન ઉપર વિજય મેળવનાર કામદેવનું છત્ર હોય, પિંડીભુત થયેલું શિવનું સ્મિત હોય, દેવ નદીનું પુંડરીક કમળ હોય, જ્યોત્સ્નારૂપ અમૃતની વાવડી હોય, અને તારારૂપ ગાયોના સમૂહમાં વૃષભ હોય એવો આ ચંદ્ર જયવંતો વર્તે છે."

સખીએ આ પ્રમાણે કહે સતે મેં પણ નેત્રમાં અમૃતને વરસાવતા ચંદ્રને જોયો; જોતાં જોતાં તેમાં રહેલા મૃગ પર દ્રષ્ટિ જતાં, 'આજ કાલ આવા મૃગને મેં જોયો છે' એમ સંભારતાં મને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને હું મૂર્છિત થઇ ગઇ. દાસીઓએ ચંદનાદિ શીતળ વસ્તુઓના ઉપચારથી મને સચેતન કરી. તેઓએ મૂર્છાનું કારણ પૂછતાં મેં વિચાર્યું કે જે કાર્ય સિદ્ધ થઇ શકે તેમ ન હોય તે કહેવું તે મૂર્ખાઇજ છે. કહ્યું છે કે—'જે કાર્ય અન્યાય સ્વરૂપવાળું હોય અથવા બની શકે તેવું ન હોય તેવું કાર્ય બીજાને કહેવું તે કેવળ ઉદ્વેગને માટેજ થાય છે.' આમ વિચારી તેઓને મેં જુદોજ ઉત્તર દીધો, પણ મૃગના જીવ ઉપર મારો સ્નેહ બંધાયો, અને 'તેજ મારો પતિ થાઓ' એમ મેં નિશ્ચય કર્યો; ત્યારથી મારા વરની પ્રાપ્તિ માટે ચિંતવન કરતા મારા પિતાનો પણ મેં નિષેધ કર્યો છે અને તે વરની પ્રાપ્તિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે હું કામદેવની પૂજા કરૂં છું, પણ હજુ તે વર પ્રાપ્ત થયો નથી. કહ્યું છે કે—' મન વાંછિત સુખનો લાભ, સર્વ ઈંદ્રિયોની શુભ સ્થિતિ, રૂપવંતપણું અને નિરોગી દેહ પુણ્ય વિના લભ્ય થતા નથી.'

આવા વિયોગનું દુઃખ મારૂં હૃદયજ જાણે છે. દિવસ તો સુખે દુઃખે પારકી વાતો કરવાથી પસાર થાય છે, પણ જેના ઉપર મન આસક્ત થયું છે તેની પ્રાપ્તિ વિના વ્યાધિવાળાની જેમ અનુરાગી મનુષ્યની રાત્રિ કેમે કરતાં જતી નથી. વળી હે સખી, આંખમાંથી અશ્રુધારા અસ્ખલીતપણે ચાલી જાય છે; વળી વિરહાનળથી બળેલા શરીરને શરદ્ ઋતુ, શશી, કમલ, ચંદન અને કદલીના પત્રોથી નંખાતો પવન પણ સુખકારી થતો નથી. માટે હે સખી, તું યોગિની છે તો ધ્યાન વડે જોઇને કહે કે મને મારો પતિ મળશે કે નહિ. ?"

યોગિની પણ ધ્યાન ધરવાનું ડોળ ઘાલી પ્રફુલ્લ વદને બોલી-' તારા મનોરથ સિદ્ધ થયા છે. થોડા વખતમાં તારા પતિનો તને મેળાપ થશે.'

કન્યા—' કેવી રીતે થશે તે કહો.'

યોગિની વળી ધ્યાનનું ડોળ કરીને બોલી—'કામદેવના પ્રાસાદમાં દ્યૂતક્રિડા કરતો જે પુરૂષ તારો તેમાં થતો પ્રવેશ અટકાવશે તે તારો પૂર્વ ભવનો વર છે તેમ સમજજે અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે તારી સાથે પાણીગ્રહણ કરશે.' આ પ્રમાણે સાંભળી રત્નવતી ઘણીજ હર્ષિત થઇ અને પોતાનો નિર્મળ મુક્તાહાર તેને અર્પણ કર્યો. કારણકે 'સર્વેંદ્રિયને સુખ આપનારૂં, શ્રવણ પ્રિય અને અમૃતના કણિયા જેવું પતિનું નામ સાંભળી નારી શું શું ન આપે ?'

આ પ્રકારે તે યોગિની રત્નવતીની બહુજ પ્રેમબદ્ધ સખી થઇ. કહ્યું છે કે—' કુટિલ સ્વભાવવાળી અને અસ્થિર હૃદયવાળી એવી નારીને માટે પણ તેના વલ્લભના નામનું ગ્રહણ વશીકરણ મંત્ર રૂપ થાય છે.'

એકદા તે યોગિનિ બોલી-" હવે હું તીર્થોની યાત્રા કરવા જઇશ; યોગીઓએ ઘણા વખત સુધી એક સ્થાને વસવું યોગ્ય નથી. કહ્યું છે કે-' પોતાના સ્વજન વર્ગને તજીને જે પાછા બીજા સ્વજન વર્ગ કરે છે તે મૂઢ પાખંડી છે અને તે પોતાને અને પરને સંસારમાં પાડે છે.' "

કન્યા અશ્રુપાત કરતી બોલી—' તમારી વિના ખરે-ખર એકલા મારા દિવસો કેમ જશે ?'

યોગિની—' તું ધીરજ ધર, થોડા દિવસમાં તારો ભર્તા તને પ્રાપ્ત થશે.'

કન્યાએ ' તમારૂં વચન ફળો અને તે પ્રમાણે થાઓ' એમ કહી તેને નમસ્કાર કરીને જવાની રજા આપી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પણ ત્યાંથી નિકળી યક્ષનું સ્મરણ કરી એક ક્ષણમાં રત્નપુર આવી પહોંચી.

ત્યાં તેણે આકાશ સુધી પહોંચેલા ધૂમ્રના ગોટા, ઝાડ, મહેલ અને ગિરિશિખર ઉપર ચડેલા માણસો તથા ચિતાની આસપાસ પ્રદક્ષિણા ફરતા પોતાના રત્નશેખર રાજાને જોયો. લોકો બોલ્યા, 'એક યોગિની આવે છે, માટે રાજાએ જરા ધીરા થવું.' તેવામાં મંત્રી પણ યોગિની રૂપે ત્યાં પહોંચ્યો. લોકોએ મહાન્ યોગિની જાણી નમસ્કાર કર્યો. તેણે આશીર્વચન ઉચાર્યું, એટલે લોકોએ પૂછ્યું—'સાત માસની અવધી પૂર્ણ થઇ છે તેથી અમારા રાજાનો મંત્રી મતિસાગર આવશે કે નહિ ?' રાજા બોલ્યો—"લોકો તો ભોળા છે, તે તો અગ્નિકુંડમાં પડયો છે, તે કયાંથી પાછો આવશે ?[1] કારણકે હે મહાભાગ ! અપ્સરાના રસથી રસીઓ થઇ પોતાના રાજાના કાર્યને વિસારીને તે તો અગ્નિકુંડમાં પડયો છે તે પાછો કેવી રીત આવે? પણ હે યોગિની, તમે મને કહોકે તમે રત્નવતી નામની કોઇ કન્યા જોઇ છે અથવા તેને માટે કાંઇ સાંભળ્યું

---

૧ પ્રિય વાંચનારને યાદ હશે કે જ્યારે મતિસાગર મંત્રીએ યક્ષની કન્યાને જોઇને તેના પિતાને મળવા ઇચ્છયું ત્યારે તેણીએ અગ્નિકુંડમાં પડવા કહ્યું હતું; તે વખતે પોતાની સાથેના માણસને તેણે રત્નશેખર રાજાને કુશળ સમાચાર જણાવવા પાછો મોકલ્યો હતો; તેણે અગ્નિકુંડમાં મંત્રીના પતનની વાત રાજાને કહી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે?" યોગિની સ્મરણ કરતી હોય તેવો ડોળ કરી બોલી "હા, સિંહલદ્વીપના રાજાને રત્નવતીનામે કન્યા છે, જેને ચંદ્ર બિંબમાં મૃગને જોઈ જાતિસ્મરણ થયું છે અને પૂર્વ ભવમાં પોતે મૃગી હતી એમ માલુમ પડવાથી તે પૂર્વભવના પતિ મૃગ શિવાય અન્ય વરને વરવા ઇચ્છતી નથી." રાજા આ હકીકત સાંભળી તરતજ જાતિસ્મરણ જ્ઞાન થવાથી બોલ્યો- " હા પ્રિયે! તું બહુ દૂર રહી છે, હું શું કરૂં? આ પક્ષીઓને પાંખ આપેલી હોવાથી તે ઉડીને વાંચ્છિત સ્થાને જઈ શકે છે, તેથી તેઓ શ્રેષ્ઠ છે; પરંતુ પાંખ વિનાના હોવાથી પાંગળા જેવા મનુષ્ય શ્રેષ્ઠ નથી." આ પ્રમાણે બોલતો રાજા કોઇ પણ ઠેકાણે રતિ પામ્યો નહિ. કારણકે 'સર્વ પ્રકારના રોગી માણસોને માટે રોગ ટાળવાના વિવિધ પ્રકારના ઉપચારો હોય છે, પણ સ્નેહ રૂપી રોગનો ઉપાય તો પ્રિયના સંયોગ શિવાય બીજો કોઈ નથી.'

વળી રાજા વિલાપ કરવા લાગ્યો. " હા પાપી દૈવ! હા નિર્દય વિધાતા! સર્વ પ્રકારની બુદ્ધિના નિધાન, ગુણોના સ્થાન અને રાજ્યશ્રીના આભરણ તુલ્ય મારા મહા મંત્રીનું તેં કયાં હરણ કર્યું? જે કારણ માટે સૂર્યના બિંબ વિના તિમિરસમૂહને કોઈ હરી શકે નહિ તેમ તે મંત્રી વિના મારૂં અસાધ્ય કાર્ય બીજું કોઇ સાધી શકે તેમ નથી." વળી બોલ્યો—" બુદ્ધિના ભંડાર એવા મારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંત્રીનું પણ દૈવે હરણ કરી લીધું. હે મંત્રી, તું કયાં છે ? જેવી રીતે સૂર્ય વિના અંધકારથી અને મેઘ વિના દુર્ભિક્ષથી લોકો પીડાય છે, તેવીજ રીતે હે મતિસાગર, તારા વિના હું દુઃખોથી પરાભવ પામું છું. અરે મંત્રી, અહીં આવ." આ પ્રમાણે રાજાને પોતાને માટે શોક કરતો જોઇ મંત્રીએ તત્કાળ યોગીનીનું રૂપ ત્યજી દીધું અને મતિસાગરનેરૂપે પ્રગટ થયો. તે જોઇ સર્વ લોકો સાનંદાશ્ચર્ય પામ્યા; રાજાએ તેને આલિંગન દઇ કુશલ વૃત્તાંત પૂછયું. તે વખતે દીધેલા દૃઢાલિંગનથી જાણે ઘણા વખતથી હૃદયમાં પેસી રહેલું વિયોગ જનીત દુઃખ હૃદયાંતરથી ભ્રષ્ટ થયું હોયની ! એમ જણાતું હતું.

પછી મંત્રીએ પ્રણામ કરીને રત્નવતીએ આપેલો હાર રાજાને આપ્યો અને ત્યાં બનેલી સર્વ વાત કહી સંભળાવી. રાજા તે સાંભળી મંત્રીની પ્રશંસા કરવા લાગ્યો. 'મહા પુરૂષો કેળનાસ્થંભ જેવા હોય છે કે જેઓ કાંઇપણ બદલા વિના પોતાનો વિનાશ કરીને પણ ફળ આપે છે.' વળી 'પોતાના કાર્યની સિદ્ધિને માટે તો સર્વે પરોપકાર કરે છે, પણ તે મહા પુરૂષોને ધન્ય છે કે જેઓ પોતાના કાર્યની કાંઇપણ દરકાર વિના પરોપકારમાં તત્પર રહે છે.'

પછી મંત્રી તરતજ યક્ષની સાન્નિધ્યવડે સૈન્ય સહિત રાજાને સિંહલદ્વીપમાં લઇ ગયો, ત્યાં ગયા પછી રત્નશેખર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા જાણે પોતાની પૃથ્વી ઉપર ફરતો હોય તેમ ફરતો અને અનેક કૌતુકો જોતો કેટલેક પ્રયાણે જયપુર શહેર પાસે આવી પહોંચ્યો અને કામદેવના દહેરાની નજીકમાં સૈન્યનો પડાવ નાંખ્યો. લોકો મોટા સમૂહમાં તેને જોવા આવવા લાગ્યા; જયસિંહ રાજાએ પણ તેનો સત્કાર કર્યો.

એકદા કન્યાને કામદેવના દહેરામાં આવવાને અવસરે રત્નશેખર રાજાએ મંત્રીના કથનથી તે મંદીરમાં તેની સાથે દ્યૂત રમવા માંડયું; તેવામાં રાજપુત્રી સખીઓ સાથે આચ્છાદન કરેલી પાલખીમાં બેસીને તે મંદીરના દ્વાર પાસે આવી; એટલે સોનાના દંડવાળી તેની પ્રતિહારી સર્વ મનુષ્યોને નસાડતી સતી અંદર દાખલ થઇ. મંત્રી તેને દાખલ થતી જોઇ તરતજ બહાર નીકળીને બોલ્યો- અરે "ભદ્રે! આ દહેરા મધ્યે દૂર દેશથી આવેલો રત્નશેખર રાજા દ્યૂત રમે છે. તે સ્ત્રીનું મુખ જોતો નથી, તેથી હમણા રાજકન્યાએ અંદર આવવું નહિ." પ્રતિહારીએ કન્યાપાસે જઇને તે હકીકત નિવેદન કરી. કન્યાને તરતજ યોગિનીનાં વાકયો સ્મરણમાં આવ્યા અને તેનું વામનેત્ર સ્ફુર્યું; તેથી તેણીએ ખુશી થઇને તરતજ અંદર પ્રવેશ કર્યો, એટલે મંત્રીએ "સ્ત્રી, સ્ત્રી" એમ બોલી એક વસ્ત્ર-પટ રાજાની આડો ધર્યો. કન્યાએ તેમ કરવાનું કારણ પૂછ-યાથી તે બોલ્યો-"અમારા રાજા સ્ત્રીને જોતાં નથી."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કન્યા બોલી-" સ્ત્રીઓએ શું પાપ કર્યું છે કે જેથી તે સ્ત્રીને જોતા નથી એમ તમારા રાજાને પૂછો."

મંત્રી રાજા સન્મુખ જોઇને જાણે તેણે કહ્યું હોય તેમ જણાવતો બોલ્યો—

"કેતાં કહું નારિતણા વિચાર, કૂડાં કરે કોડિ ગમે અપાર;
બોલે સવિહુંનો વિરૂઓ તે નીટ, જાણે નહિ બોરતણો તે બીંટ. ૧

સ્ત્રીઓના વિચાર કેટલા કહું? તે ક્રોડો ગમે કૂડાં કર્મ કરે છે, સહુનું વાંકું બોલે છે અને બોરનું બીંટ પણ જાણતી નથી." તે સાંભળીને કન્યા બોલી—

"લક્ષ્મી પ્રભુત્વ મદ યૌવન રંગ લીણા, મદોદ્ધતા પાપ કરે કુલીણા;
માતાપિતા સ્વજન વર્ગ નબંધુ માને, ઘણું કીસ્યું દેવગુરૂપમાને. ૨

અરે! પુરૂષો લક્ષ્મી, પ્રભુતા, મદ અને યુવાવસ્થાના રંગમાં લીન થયા સતા મદથી ઉદ્ધત થઇને કુળવાન્ છતાં પાપ કરે છે; અને માતા, પિતા, સ્વજન વર્ગ તેમજ બંધુઓનું માન જાળવતાનથી; ઘણું શું કહેવું? દેવ-ગુરૂનું પણ અપમાન કરે છે."

મંત્રી બોલ્યો—

"કથા ન પોથે ન પૂરાણે કીધી, જે વાતની હોય નહીં પ્રસિદ્ધિ
કિસે ન સૂઝે કહરેજી થોલા, નારી પિશાચી તે ભણે નિટોલા. ૩

જે વાત કોઇ પોથીમાં ન હોય, પૂરાણમાં કહી ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય, જે વાત બીલકુલ પ્રસિદ્ધ પણ ન હોય, કોઈ રીતે સૂઝે તેમ ન હોય અને અજ્ઞાની પણ બોલે તેમ ન હોય તેવી વાત નારી રૂપી પીશાચિણી બોલે છે. ”

કન્યા બોલી—

“જાણે નહિ પાપ ન પુણ્ય શીલ, લોપે પરસ્ત્રી તણાજે સુશીલ;
દયા મયા ધર્મ કીશ્યું નલીજે, ધર્મી તણે નામ લીએ તે ખીજે.૪

પુરૂષો એવા હોય છે કે જે પાપ, પુણ્ય કે શીળ કાંઇ ગણતા નથી, પરસ્ત્રીના શીયળનો ભંગ કરે છે. દયા, મયા કે ધર્મ કાંઇ ગ્રહણ કરતા નથી અને ધર્મીનું નામ લેવાથી પણ જે ઉલટા ખીજે છે. ”

મંત્રી બોલ્યો—

“ કૂડાં તણા કોડિ કરે કરાવે, નારી સદા સાચપણું જણાવે;
રૂડા ભણી રાડિ સદૈવ માંડે, નીચા તણે સંગ સ્વધર્મ છાંડે. ૫

સ્ત્રીઓ સેંકડો કુકૃત્યો કરે છે ને કરાવે છે, તે છતાં હમેશાં પોતાનું સાચાપણું બતાવ્યા કરે છે, વળી સારા માણસ સાથે રોજ તકરાર કરે છે અને નીચની સંગતિવડે સ્વધર્મને પણ છાંડે છે. ”

કન્યા બોલી—

“ કુબોલ બોલે પરમર્મ સૂઝે, જે ધર્મનો સાર ન ભૂંછ બૂઝે;
દુઃખે કુળ સ્ત્રી અસતી વખાણે, તે બાપડા માણસ જન્મ હારે.૬

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરૂષો કુબોલ બોલે છે, પારકા મર્મ બોલે છે, જે મૂઢ ધર્મનો સાર તો જાણતાજ નથી, વળી કુળવાન્ સ્ત્રીને દુઃખ દેછે અને અસતીને વખાણે છે; તેવા બાપડા પોતાનો જન્મ હારી જાય છે."

આ પ્રમાણે વિવાદ ચાલતે સતે રાજા બોલ્યો-"હે મંત્રી, અબળા સાથે સંવાદ શો કરવો? માટે કાર્ય હોય તે જણાવો." મંત્રી કન્યા પ્રતિ બોલ્યો-"અમારા સ્વામી પૂર્વ ભવની સ્ત્રીનેજ ઈચ્છે છે."

રાજ કન્યા બોલી-"પૂર્વભવ શીરીતે છે?"

મંત્રીએ રાજાની સામું જોયું, એટલે રાજા બોલ્યો-"વિશેષ શું કહેવું? એક સંકેતજ કહું છું.

હરિણી અનાઇ હરણલો, હુંતા વનહ મોઝાર;
કુણે પુન્યે હાં અવતર્યો, રાજા ભણે સંસાર.

એક વનમાં કોઇ હરણ અને હરણી હતા, તેમાંથી હરણ હતો તે હું આ ભવમાં રાજા થયો છું તે શા પુણ્યથી?" આ પ્રમાણે સાંભળી અત્યંત ખુશી થયેલી તે કન્યા બોલી—

'હરિણી અને હરણલો, હુંતા વનહ મોઝાર;
પૂર્વ પૂન્યે રાજા થયો, તે હું હરણી નાર.'

આ પ્રમાણે બોલતી સતી આડા રાખેલો વસ્ત્રપટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દૂર કરીને રત્નવતી રાજાના મુખ રૂપ ચંદ્રનું પોતાના નેત્ર રૂપ ચકોરવડે પાન કરવા લાગી. રાજા પણ તેને નીહાળતો સતો સ્મિતયુક્ત ઉત્સુકપણાવડે આતુર થઇને સ્તંભ, પ્રસ્વેદ અને રોમાંચાદિ સાત્વિક ગુણે પૂર્ણ થયો. પછી રાજકન્યા બોલી–"હે પ્રાણેશ, તમે દૂર રહ્યા સતા પણ મારા મનમાંજ વસેલા હતા."

તે વખતે પૂર્ણ લાવણ્ય અને પુણ્યરસથી ભરેલા રાજાને દેખવાથી તે કન્યાનો પૂર્વભવનો સ્નેહ ઉલ્લસાયમાન થયો અને રાજાની ઉપર નિર્ભર પ્રેમ ઉપજ્યો. કર્ત્તા કહે છે–

"અતુલ બળના આટોપથી મંડિત એવા તે રાજાને પણ આ અબળાએ ક્ષણમાત્રમાં કટાક્ષરૂપ તીક્ષ્ણ બાણો વડે વિંધી નાંખ્યો એ ખરેખરૂં આશ્ચર્ય છે."

તેની સખીઓએ આ વાત તેના પિતાને નિવેદન કરી. તે સાંભળીને તે પણ ત્યાં આવ્યો અને વરને જોઇ આનંદ પામતો સતો બોલ્યો–"સર્વ પ્રકારની ઋદ્ધિ તો જે તે પ્રકારના પુણ્ય વડે પ્રાપ્ત થાય છે, પણ ઉત્તમ ભર્ત્તારની પ્રાપ્તિ તો સમ્યક્ પ્રકારના ધર્મારાધન વડેજ થાય છે. વળી અમારે પૂર્વ ભવે કરેલા સુચરિત્રનો પરિપાક અત્યારે ઉદયમાં આવ્યો છે, તેથીજ આવા સત્પુરૂષ અમારે ત્યાં પધાર્યા છે."

પછી રાજાએ તેમના પાણિગ્રહણનો મોટો મહોત્સ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યાં. કરમોચન વખતે એકસો હાથી, પાંચસો અશ્વ, સમુદ્રમાંથી નીકળેલા અનેક રત્નો અને રેશમી વસ્ત્રો વિગેરે પુષ્કળ આપ્યું.

પાણિગ્રહણ મહોત્સવ થઇ રહ્યા પછી રત્નશેખર રાજા રત્નવતીને લઇને પોતાના નગર તરફ જવા તૈયાર થયા. વાજીત્રોના નાદથી અનેક મનુષ્યો તેને જોવા એકઠા થયા; તેઓ બોલતા હતા કે—

" વિધિ અનુકુળ થાય છે ત્યારે ઇચ્છિત વસ્તુ અન્ય દ્વિપમાંથી, સમુદ્રના મધ્યમાંથી અથવા દિશાના અંતમાંથી પણ સ્વયમેવ પ્રાપ્ત થાય છે. " ડાહ્યા માણસો તો તે વખતે ધર્મનીજ પ્રશંસા કરવા લાગ્યા—

" धर्मतः सकल मंगलावली, धर्मतः सकल शर्मसंपदः ।
धर्मतः स्फुरति निर्मलं यशो, धर्म एव तदहो विधीयताम् ॥

ધર્મથી સકળ મંગળનો સમૂહ પ્રાપ્ત થાય છે, ધર્મથી સર્વ પ્રકારના સુખ તથા સંપદા મળે છે અને ધર્મથી નિર્મળ યશ ફેલાય છે, માટે સર્વેએ ધર્મ કરવો. "

રાજા કેટલાએક દિવસ ગૌરવથી ત્યાં રહી પોતાના શહેર તરફ જવા તૈયાર થયા, એટલે રત્નવતીએ અશ્રુઓ સાથે માતાને નમન કરી રજા માગી. માતાએ તેને ખોળામાં બેસારી મસ્તકપર સ્પર્શ કરી ગદ્ગદ્ કંઠે કહ્યું—" હે પુત્રી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતિગૃહે જતી એવી તું વડીલોના વિનય કરજે, તેઓ જમી રહ્યા પછી ભોજન કરજે, પતિનિદ્રા લે ત્યાર પછી નિદ્રા લેજે; તું શ્વસુર ગૃહમાં મુખ ઢાંકીને રહેજે, નેત્ર નીચાં રાખજે અને કોયલની જેમ મધુર બોલજે; નણંદ વિગેરેને પ્રણામ કરજે, દેવરોની મહત્વતા જાળવજે અને સર્વ પરિવાર વિષે ઉચિત સાચવનારી થજે." માતાની આ પ્રમાણેની શિક્ષા ગ્રહણ કરી નમન કરીને તે પતિ સાથે ચાલી. તેના પિતા કેટલાક પ્રયાણ સુધી વળાવવા ગયો; પછી રત્નશેખરે બહુ માનથી તેમને પાછા વળવાનો આગ્રહ કર્યો, એટલે નમન કરતી પુત્રી પ્રત્યે તેણે આ પ્રમાણે કહ્યું—"હે પુત્રી; તું પિતાના આત્માને સંતોષ આપનારી, ક્ષમા રૂપ ધનવાળી અને મનમાં સંતોષ રાખનારી થજે, તેમજ તારા પતિને સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ માની તેની સેવા કરજે, કારણ કે હવે અમે કોઈ તારા નથી." આ પ્રમાણે બોલતા અને આંખમાંથી અશ્રુ વરસાવતા તેણે પુત્રીને વળાવી અને તે પાછો ફર્યો.

રત્નશેખર પણ તે દ્વિપને છેડે આવ્યો એટલે યક્ષની મદદથી સમુદ્ર ઉપર થઈને સર્વ પરિવાર સહિત પોતાને નગરે પહોંચ્યો. મોટી ઋદ્ધિવડે પોતાના નગરમાં પ્રવેશ કરી રત્નવતીને પટરાણી કરી અને ન્યાયથી રાજ્યતંત્ર ચલાવવા લાગ્યો. મંત્રી પણ યક્ષની પુત્રી પરણીને સુખે રહેવા લાગ્યો. રાજા-રાણી પૂર્વ ભવના સ્મરણને લીધે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂર્વભવના અભ્યાસથી પર્વના દિવસો પાળવા લાગ્યા અને પરમેષ્ઠી મંત્રનું ધ્યાન કરવા લાગ્યા.

એકદા પર્વતિથિને પારણે ભોજન કરી થોડીવાર પલંગ ઉપર વિશ્રામ લઇને રાજા ઉઠતો હતો, તેવામાં દેવી પણ વેણુ, વિણા વિગેરે ગાયનના ઉપકરણો તથા પંખાઓ સાથે કર્પૂર, કસ્તુરી, ચંદન વિગેરેથી ભરેલા પાત્રોવાળી સખિઓ સહિત ત્યાં આવી અને યોગ્ય આસન ઉપર બેઠી. પછી રાજા--રાણી એક બીજા સાથે કાવ્ય કથાદિવડે આનંદ કરવા લાગ્યા. કહ્યું છે—

गीतकाव्य विनोदेन, कालो गच्छति धीमतां ।
व्यसनेन हि मूर्खाणां, निद्रया कलहेन च ॥

ભાવાર્થ-"બુદ્ધિવાન્ માણસો ગાયન તથા કાવ્યના વિનોદ વડે પોતાનો વખત કાઢે છે, જ્યારે મૂર્ખો વ્યસન, નિદ્રા અથવા કલહમાં પોતાનો કાળ ગુમાવે છે."

આ પ્રમાણે આનંદથી તેઓ કાવ્યાલાપ કરતા હતા, તેવામાં આકાશમાંથી બે શુક-શુકી આવીને તેમના હાથ ઉપર બેઠાં. તેથી વિસ્મય પામી તેઓની પાંખને સ્પર્શ કરીને રાજા બોલ્યો—" તમે ક્યાંથી આવો છો ? "

શુક—" જે સ્થાને રામ બહુ વખત રહ્યા હતા, જ્યાં પાંચ પાંડવો પણ રહ્યા હતા અને જ્યાં રાજાઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્રીડા કરે છે તે સ્થાનેથી અમે અહીં આવ્યા છીએ." ( એટલે કે વનમાંથી આવીએ છીએ. ) રત્નશેખરે આ શુક ચતુર છે એમ જાણી તેને સમસ્યા પૂછી—

न रजनी न दिवा न दिवाकरः

શુક બોલ્યો—

तव नरेंद्र रणांगण संचरत्
तरल तुंग तुरंग खुरोद्धते ।
रजसि खंप्रति यांति विभाव्यते
न रजनी न दिवा न दिवाकरः ॥

ભાવાર્થ—"હે નરેંદ્ર, તું રણમાં સંચાર કરે છે ત્યારે ચપળ એવા ઘોડાઓના સમૂહે ઉડાડેલી ધૂળ આકાશ તરફ જતે સતે એવું લાગે છે કે જાણે તે વખતે રાત, દિવસ કે સૂર્ય કાંઈ ન હોય."

પછી રાણી શુકી તરફ જોઇને બોલી—

रोचते या स पुण्यानां, पापानां या न रोचते ।
गौरांगी वल्लभा पत्यु :, स नारी मम कथ्यतां ॥

ભાવાર્થ- " એક એવી નારીનું નામ કહો કે જે પુણ્યવાન પ્રાણીઓને પ્રિય લાગે છે, પાપીઓને ગમતી નથી અને તે ગૌર અંગવાળી હોવાથી પતિને વલ્લભ છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શુકી—"પૂર્ણિમા-પૂનમ" ( પુણ્યવાન્ માણસો તેને જોઈ આનંદ પામે છે, પણ પાપીઓ-ચોર વિગેરેને તે રૂચતી નથી. વળી સંપૂર્ણ પ્રકાશવાળી હોવાથી તે સર્વાંગ શોભિતી છે અને તેના પતિ ચંદ્રને વહાલી લાગે છે. )

શુક રાજા પ્રત્યે બોલ્યો—'मग्नः समुद्रो वेडायां'

રાજા તે સમસ્યા પૂર્ણ નહિ કરી શકવાથી શુકજ બોલ્યો—

अगस्ति हस्तचलुके, मातेऽधा नाहनाकृतौ ।
मग्नः समुद्रो वेडाया, मिति देवास्तदा जगुः ॥

ભાવાર્થ—" અગસ્તિ ઋષિના હસ્તની અંજળીરૂપ પ્રવહણમાં સર્વ સમુદ્ર સમાઈ ગયેલ જોઈને તે વખતે 'સમુદ્ર વહાણમાં મગ્ન થઈ ગયો' એમ દેવતાઓ બોલ્યા."

પછી રાજાએ ત્રિપદી પૂછી અને ચતુર્થ પદ પૂર્ણ કરવા કહ્યું, તે નીચે પ્રમાણે.

" आकाशे हरिणा यान्ति
वचा शुंठी हरीतकी ।
आषाढा कार्तिकी माघी "

આ ત્રણ પદ સાંભળી શુક બોલ્યો-तिथीः 'कुर्वन्न जीवति' ॥
( જેવા પૂછેલા ત્રણ પદ પરસ્પર સંબંધ વિનાના તેમજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષિતાર્થ વિનાના છે તેવું જ ચોથું પદ પાદપૂર્તિમાં પણ કહેલું જણાય છે.)

વળી રાજાએ પૂછયું—

विहिता निर्विषा नागा, देवाः शक्तिविवर्जिताः ।
निश्चेष्टाश्च यथा सिंहा, सा बालैर्ध्रियते करे ॥

ભાવાર્થ—"જેના વડે નાગો વિષરહિત થયા, દેવ શક્તિ રહિત થયા અને સિંહો નિશ્ચેષ્ટ થયા, તે બાળકો એ હાથમાં ગ્રહણ કરી છે તે શું?" શુક—'ચિત્રલેખિની'

(ચિત્રમાં આળેખાયેલા નાગો વિષરહિત હોય છે, દેવતાઓ શક્તિ વિનાના હોય છે અને સિંહો નિશ્ચેષ્ટ હોય છે એવી ચિત્રલેખિની (કલમ) ને બાળકો હાથમાં પકડે છે.)

રાજા—"કંઠમાં જનોઈ છે પણ વિપ્ર નહિ, નામથી નર છે પણ નારી જેને નચાવે છે અને એવું નાટક ઘરેઘરે થાય છે તે શું?"

શુક—'રેંટીઓ.' (મતલબ સમજાય તેમ છે.)

રાજા—'જટાવાળો છે પણ શંકર નહિ, બે બાજુ નિર્મળ છે પણ બ્રહ્મા નહિ, વલ્કલ પહેરે છે પણ રામ નહિ અને સાજો છે પણ નામ ભાંગ્યાનું છે તે શું'?

શુક—ખાંડું (તરવાર). (મુંઠ રૂપ જટા છે, બંને બાજુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળ વિનાની ઉજ્જવળ હોય છે, ધ્યાનરૂપ વલ્કલ છે અને નામ 'ખાંડુ' એટલે ભાંગેલું છે. )

આ પ્રમાણે સાંભળી રાજા ચમત્કાર પામ્યો.

શુકીએ રાણીને પૂછયું—"જીવવાનું ચિન્હ શું છે? મદનને પ્રિય કોણ છે? ફૂલોમાં પ્રધાનફૂલ કયુ છે? અને બાળા પરણીને શું કરે?" તે ગાથા આ પ્રમાણે છે—

किं जीवीयस्स चिन्हं ।
का भज्जा होइ मयणरायस्स ॥
का पुप्फाण पहाणा ।
परणिया किं कुणइ बाला ॥

રાણીએ શરમાતાં હસીને ધીમેથી જવાબ આપ્યો—સासरइ जाय જેનો સાર આમ છે—જીવવાનું ચિન્હ શું? 'સાસ' (શ્વાસ). કામદેવની સ્ત્રી કોણ? 'રઇ' (રતિ). પુષ્પમાં પ્રધાન કોણ? 'જાય' (જાઈનુ ફુલ). અને બાળા પરણીને શું કરે? 'સાસરઇ જાય' (સાસરે જાય).

સખીઓ આ જવાબ સાંભળી હસી; આ પ્રમાણે સમશ્યા વિગેરે વિનોદ કરતાં હતાં, તેવામાં તે શુક-શુકી આમ તેમ જોતાં અચાનકજ મૂર્છા પામ્યા અને રાજા રાણીના હાથ ઉપરથી નીચે પડી ગયા. ચંદન વિગેરે બહુ પ્રકારના શીતળ ઉપચાર કર્યા, પણ ચેતના આવી નહિ; એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા તથા રાણીએ તેમને નવકાર મંત્ર સંભળાવ્યો; તેઓ તરતજ મરણ પામ્યા. એટલે તેઓને ચંદનથી બાળયા. પછી આ શુક-શુકી કોણ હશે એવા વિચારમાં રાજા-રાણીની રાત્રી વ્યતિત થઇ.

પ્રભાત થયે સતે વનપાલે આવી વધામણી આપી કે 'ધર્મપ્રભ' આચાર્ય વનમાં પધાર્યા છે. તેને દાનથી સંતોષી અંતઃપુર પરિવારસાથે રાજા ગુરૂને વંદન કરવા ગયો. ગુરૂની નજીક પહોંચતાં રાજાએ પાંચ અભિગમન સાચવ્યા તે આ પ્રમાણે—

"સચિત્ત દ્રવ્ય ત્યજી દેવા, અચિત્ત દ્રવ્યો ન ત્યજવા, એક સાડી ઉત્તરાસંગ કરવું, ચક્ષુએ પડે ત્યારથી અંજલી જોડવી અને મન એકાગ્ર કરવું." શ્રી ભગવતિ સૂત્રમાં એ પ્રમાણે કહેલ છે. તેમજ રાજાઓએ ઉપર જણાવેલા પાંચ અભિગમન સાચવવા ઉપરાંત ખડ્ગ, છત્ર, મુકુટ, ચામર અને મોજડી એ પાંચ રાજચિન્હ ત્યજીને ગુરૂને વાંદવા, કે જેથી કોઇપણ પ્રકારની આશાતના ન થાય.

રાજા તથા રાણી બંને ગુરૂને નમસ્કાર કરી પોત પોતાની પારષદ્‌માં યોગ્ય સ્થાને બેઠા. પછી નર, નારી, નરાધિપ વિગેરેથી સભા ભરાયે સતે ગુરૂ મહારાજે આ પ્રમાણે દેશના દીધી—"હે ભવ્ય જીવો, જિનેશ્વરની પૂજા, ગુરૂની ભક્તિ, સર્વ પ્રાણી ઉપર દયા, અને ગૃહે આવેલાને યથાશક્તિ દાન-એ ધર્મ સુખ સિદ્ધિના હેતુભૂત છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણેની દેશના સાંભળીને રાજા શકનું સ્વરૂપ પૂછવા ઉદ્યુક્ત થયો, તેવામાં વાજીત્રોના અવાજો થયા અને લોકો શું છે તે જોવા લાગ્યા; તેવામાં તેજ નગરના રહેનારા ધનશ્રેષ્ઠીની 'શ્રી' નામે પુત્રી સુખાસનમાં બેઠી સતી, સખીઓ વડે ક્ષણે ક્ષણે ચંદન યુક્ત સુગંધી જળથી અને કદળીના પત્રથી નંખાતા પવનથી સેવાતી ત્યાં આવી અને મુનિને નમસ્કાર કરી પિતાના ખોળામાં બેઠી. તેના પિતાએ ગુરૂ મહારાજને પૂછ્યું " આ જન્મી ત્યારથી રાજ્યમાં મારૂં માન વધ્યું છે અને મને લક્ષ્મી પણ પ્રાપ્ત થઈ છે; પરંતુ એને યૌવનમાં દાહજ્વર કેમ થયો છે ? " મુનિ બોલ્યા-

" भोज्यं भोजनशक्तिश्च, रतशक्तिर्वरस्त्रियः ।
विभवो दानभुक्तिश्च, नाल्पस्य तपसः फलं ॥

' ભોજ્ય પદાર્થો અને ભોજન કરવાની શક્તિ, શ્રેષ્ઠ સ્ત્રી અને કામ ભોગની શક્તિ, વૈભવ અને દાન ભોગની પ્રાપ્તિ-એ અલ્પ તપના ફળ નથી. '

આણે પૂર્વે સમ્યક્ રીતે તપનું આરાધન કર્યું નથી,

પૂર્વે શ્રીપુર નામના નગરની પાસેના વનમાં એક વનચરી ( વનમાં રહેનારી બાઈ ) રહેતી હતી. અન્યદા એક મુનિને જોઇ તેણે પૂછ્યું-" હું આવી દુઃખી સ્થિતિ વાળી કેમ થઇ ? "

મુનિ-"તપ, નિયમ અને શીલથી રહિત, જિન ધર્મથી

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

પરાઙ્મુખ અને મહા આરંભના કરનારા જીવો આ લોકમાં નાના પ્રકારના દુઃખના સ્થાનક થાય છે; અને હજારો પ્રકારના દુઃખોથી મૂકાવવાને સમર્થ એવો ધર્મ જે પ્રાણી કરે છે, તે નિશ્ચે વાંચ્છિત સુખોને પ્રાપ્ત કરે છે. વળી કહ્યું છે—

એક રંક એક ભૂપતિ રાણા, હાથ પાય સવિ હુંતિ સમાણા;
જે તપ ચરણ નિશ્ચળ સાધે, તેને રાજ્ય મળે અણ બાધે.

'એક રંક હોય અને એક એક મોટો ભૂપ હોય, હાથ પગ બધું બંનેને સરખું હોય, પણ તેમાંથી જે તપ ચરણ નિશ્ચળતાથી સાધે છે તેમને વગર અડચણે રાજ્ય મળી શકે છે.'

તે બોલી-'કહો, કેવી રીતે તપ કરવું ?'

મુનિ 'જો સર્વ દિવસે ન બને તો પર્વ તિથિને દિવસે તો નીવી, આંબિલ, ઉપવાસ વિગેરે તપ અવશ્ય કરવું. કહ્યું છે કે-'જિનેશ્વરે કહેલા પર્વ દિવસોને વિષે જે પ્રાણી થોડું પણ તપ વિધિ પૂર્વક કરે છે, તેને પરભવને વિષે સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે.' તેણીએ તે વાત કબુલ કરી; એટલે મુનિએ તેને અચિત્ત જળની યુક્તિ બતાવી તે આ પ્રમાણે--

"શ્રાવકે ચાવળના ધોવણનું પાણી, જવનું પાણી અથવા તુસનું પાણી પીવું. તેની સામગ્રી ન મળે તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાયનું છાણ અથવા રાખ વિગેરેથી મિશ્રિત કરીને જળ પીવું; પણ સચિત્ત પાણી પીવું નહિ."

આ પ્રમાણેનો ઉપદેશ સાંભળીને તે બાઇએ શુદ્ધ તપ કરવા માંડ્યું; પણ જળ અચિત્ત કરવાના સંબંધમાં આળસવાળી હોવાથી કોઇ કોઇ વાર પાણી અચિત્ત કરીને પીતી અને કોઇ વાર 'મને ઉષ્ણ પાણી ઉપર રૂચી નથી તેથી ટાઢા પાણી વિના મને સુખ નહિ રહે' એમ વિચારતી સતી થોડું ઉનું કરેલું અથવા કાળ વ્યતીત થયેલું પાણી પણ પીતી. આ પ્રમાણે તપ કરી મૃત્યુ પામીને અસૌભાગ્યવતી તેમજ સૌભાગ્યવતી એવી તે તમારી પુત્રી થઇ છે; અને ઉષ્ણ પાણી પીવાના અનાદરથી યૌવન વયમાં તેને દાહજ્વર થયો છે. હજુ પણ તેની ઉપર આદર કરવાથી ધીમે ધીમે તે શમી જશે."

આ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ સાંભળી તે કન્યા પોતાના પૂર્વ ભવના દુષ્કૃતને નિંદતી સતી સ્નાન પાન વિગેરેમાં અચિત્ત પાણી વાપરવાનો નિયમ કરતી હવી. તેજ વખતે પ્રાસુક વારિવડે તેને સિંચવાથી તે શાંતિને પામી. આ હકીકત સાંભળીને તેમજ જોઇને બીજા માણસો પણ અચિત્ત પાણી વિષે આદરવાળા થયા.

આ વાત થઇ રહી એટલે ફરીથી રાજા તે શુકનું સ્વરૂપ મુનિરાજને પુછવા ઉદ્યુક્ત થયો, તેવામાં ઢાલતરવાર વિગેરે હથિયારો યુક્ત પોતાની પત્ની સાથે એક વિદ્યાધર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" રક્ષણુ કરો, રક્ષણુ કરો " એમ બોલતો આકાશમાર્ગે ત્યાં આવ્યો.

રાજા—' અરે, ભય ન પામ, ભય ન પામ.'

વિદ્યાધર—' હે રાજન્! જુઓ, આકાશમાં મારો શત્રુ આવેછે, તેથી તેને હણીને જ્યાંસુધી હું પાછો ન આવું ત્યાં સુધી આ મારી પ્રિયાનું રક્ષણુ કરો. ' કહ્યું છે—

पिता रक्षति कौमार्ये, यौवने दयितः पुनः ।
पुत्रा रक्षंति वार्द्धक्ये, नस्त्री स्वातंत्र्यमर्हति ॥

" કુમારાવસ્થામાં બાપ પુત્રીનું રક્ષણુ કરે છે, યૌવનાવસ્થામાં તેનો પતિ રક્ષણુ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં તેના પુત્રો તેનું રક્ષણુ કરે છે. સ્ત્રી કોઇ અવસ્થામાં સ્વતંત્રતાને યોગ્ય નથી. " પણ કહ્યું છે—

खटिका श्रीखंडिका चैव, नारी वापी तथैवच ।
परहस्तगता प्रायो, घृष्टस्पृष्टैव लभ्यते ॥

" ખટિકા ( ચાક ), શ્રીખંડિકા ( ચંદન ) અને નારી ( સ્ત્રી ) પરહસ્તમાં ગયા પછી ઘણું કરીને ઘસાયેલી અને સ્પર્શાયેલીજ પાછી મળે છે. " એટલા માટે હે રાજન, મને કોઇનો વિશ્વાસ નથી, પરંતુ તમારો વિશ્વાસ પડે તેમ કરો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા— " તું વિશ્વાસ રાખ. જો હું તારી પત્નીને ગ્રહણ કરૂં તો જે નરાધમો વિશ્વાસીનો ઘાત કરે છે અને પોતાના સ્વામીનો દ્રોહ કરે છે તેના પાપથી હું લીંપાઉં; વળી પોતાને ધર્મના અક્ષર આપનારને પણ જે ગુરૂ તરીકે માનતા નથી તેનું પાપ મારે શિર લાગો. દુર્લભ એવું સંયમ પામીને જે મનુષ્યો ત્યજી દે છે તેનું પાપ મને લાગો; કાંઇ પણ વ્રત શિવાય જેઓ પોતાની શુદ્ધ પતિવ્રતા સ્ત્રીને ત્યજે છે તેનું પાપ મને લાગો; વળી જેઓ ગાયના તેમજ સ્ત્રીઓના બાળકોને આગ્રહથી વિછોડાવે છે તેનું પાપ મને લાગો. "

ખેચર " આ બધાં મહા પાપો છે; પણ સાંભળો, પર્વ તિથિને વિષે પણ જે મહા આરંભ કરે છે તેનું પાપ તમને લાગે એવું જો તમે વચન આપો તો હું કબુલ કરૂં, અન્યથા નહિ. આનો હેતુ શું છે તે હું પછી કહીશ; હમણા તો શત્રુને હણવા જવાની ઉતાવળ છે. " રાજાએ તે પ્રમાણે કબુલ કર્યું, એટલે પોતાની પત્નીને ત્યાં મૂકી જવાના કારણથી તે સ્નેહ વડે રૂદન કરતી સતી કાજળવાળા નેત્રમાંથી અશ્રુ પાડતી હતી, તેના અશ્રુ હાથવડે લુંછીને તે તત્કાળ આકાશમાં જતો રહ્યો અને દુશ્મનની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

તેના ગયા પછી રાજા વિચાર કરવા લાગ્યો—" આ નવયૌવનના મદથી પુરિત અંગવાળી સ્ત્રીનું કેવી રીતે રક્ષણ કરવું ? કહ્યું છે—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

शास्त्रं सुनिश्चतधिया परिचिंतनीयं ।
आराधितोऽपि नृपतिः परिशङ्कनीयः ।
स्वात्मीकृतापि युवतिः परिरक्षणीया
शास्त्रे नृपे च युवतौ च कुतः स्थिरत्वं ॥

'ભણી ગયેલા શાસ્ત્રનું પણ સુનિશ્ચિત બુદ્ધિથી વારંવાર ચિંતવન કરવું, આરાધિત કરેલા રાજાની પણ શંકા રાખવી અને પોતાની ગ્રહણ કરેલી યુવતિની પણ વારંવાર સંભાળ રાખવી કારણકે શાસ્ત્ર, નૃપ અને સ્ત્રીમાં સ્થિરતા ક્યાંથી હોય ?' પરંતુ આને હું મારા મહેલમાં સંભાળથી રાખીશ." આ પ્રમાણે ચિંતવતો ગુરૂને નમસ્કાર કરીને તે ઊઠતો હતો, તેવામાં આકાશમાંથી એક છેદાયેલો હાથ પૃથ્વી ઉપર પડયો.

વિદ્યાધરી તે હસ્ત જોઇને બોલી—'આ મારા પતિનો હસ્ત છે."

રાજા—'કેવી રીતે ?'

વિદ્યાધરી—'જુઓ આ કાજળથી અંકિત થયેલ છે.'

આમ વાતો કરે છે તેવામાં ખડ્ગ સાથે તેનું શરીર અને મસ્તક પણ પૃથક્ પૃથક્ નીચે પડયાં.

તે સ્ત્રી તો આ જોતાંજ "હા પ્રિય ! હા પ્રિય !" એમ બોલતી રડવા લાગી અને વિલાપ કરવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હા નાથ! હા પ્રાણવલ્લભ! હા ભુવનમાં અદ્‌ભુત ચરિત્ર વાળા! હા વીરપુરૂષોમાં પ્રધાન! તમને આમ કેમ થયું? હે પ્રાણપ્રિય! દુશ્મન સાથે લડાઇ કરી ફતેહ પામવા ગયેલ આપનું મરણ થયા છતાં પણ હું અતિ નિષ્ઠુર સ્વભાવવાળી છું કે હજુ જીવું છું." વળી બોલી-"હે નાથ! બધો દોષ મનેજ આપજો, બીજું કંઈ બોલશો નહિ; કારણ કે મારે અર્થે લડતાં તમે મરણ પામ્યા છો અને હું ઉગરી છું." આ પ્રમાણે તેણે પુનઃ પુનઃ ઘણીવાર આક્રંદ કર્યું; પછી તેણીએ રાજા પાસે અગ્નિની યાચના કરી. રાજાએ તથા લોકોએ બહુ પ્રકારે સમજાવ્યા છતાં પણ તે ચિતા રચાવી તેની આસપાસ પ્રદક્ષિણા દઇને બોલી—

"પવન સુણે એક વત્તડી, હવે હું હોઈશ છાર;
તિણી દિશે તું ઉડજે, જિણી દિશે મુજ ભર્તાર.

હે પવન, તું મારી એક વાત સાંભળ; હવે હું રાખ થઈ જઈશ, તેથી તેને લઇને તું તે દિશામાં ઉડજે કે જે દિશામાં મારા સ્વામી હોય." પછી તેણીએ ચિતામાં પ્રવેશ કર્યો.

પછી સકળ પ્રજાવર્ગ તેના શોકમાં નિમગ્ન થયો, તેવામાં પેલો વિદ્યાધર દુશ્મનને જીતીને આકાશમાંથી નીચે આવ્યો અને ઉતાવળે રાજાને પ્રણામ કરીને બોલ્યો— "તમારા પ્રસાદથી હું વૈરીને જીત્યો છું, હવે મને મારી પ્રિયા પાછી આપો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા ' આ શું ? ' તેના વિચારમાં મૌન થઈ ગયો, એટલે તે બોલ્યો—

त्वत्तुल्या अपि भूपाला, पालयंति न संगरं ।
रसा रसातलं यातु, रविः पततु वा भुवि ॥

" જો તમારા સદૃશ રાજાઓ પણ પોતાનું વચન ન પાળે તો પૃથ્વી રસાતળમાં જાઓ અથવા સૂર્ય આકાશમાંથી પૃથ્વી ઉપર પડો. "

રાજા નિઃશ્વાસ નાંખી બોલ્યો—" મેં મૂર્ખે તેને અગ્નિમાં બાળી દીધી છે, માટે આ ચિતા જુઓ. " તે વિદ્યાધર આકાશ તરફ નજર નાંખતો અને વિલખો થઈને દશે દિશામાં જોતો અશ્રુથી ભરપુર નયનવાળા મનુષ્યો સહિત ચિતા પાસે જઇ બોલ્યો—" હા પ્રિયે ! તું ક્યાં છે ? " તેના જવાબમાં—" હે પ્રાણેશ ! હું અહિં છું " એવો અવાજ સાંભળતાંજ ' પ્રિયા અહિં છે ' એમ બોલતો તત્કાલ તે ચિતામાં કૂદી પડયો. લોકો તથા રાજા તે જોઇને હાહાકાર કરવા લાગ્યા, તેવામાં તો ત્યાં ન મળે ચિતા, કે ન મળે વિદ્યાધર, પણ તેને બદલે સહસ્ત્ર ફણાવાળા ધરણેંદ્ર તથા પદ્માવતી ત્યાં દૃશ્ય થયા, કે જેઓ મુનિને નમસ્કાર કરી ત્યાં બેઠા અને રાજા તરફ જોઇને બોલ્યા—" હે પૌત્ર, તું પર્વ તિથિયો અવશ્ય પાળજે. કારણ કે પર્વ તિથિયોનું પાલન ન કરવાથી તારા પિતામહ અને પિતામહી એવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમે બંનેએ આઠ ભવ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યું છે." સર્વે લોકો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. રાજાએ તેમને પૂછ્યું-" હું તમારો પૌત્ર અને તમે મારા પિતામહ કેવી રીતે ?" નાગેંદ્રે કહ્યું-" સાંભળ—

પહેલાં આ નગરમાં પુરંદર નામે રાજા હતો અને તેને સુંદરી નામે રાણી હતી, ગુરૂ મહારાજના ઉપદેશથી તેઓ પર્વ તિથિનું આરાધન કરતા હતા. તેઓને કાંઇ સંતતિ નહિ થવાથી એકદા પુરોહિતે કહ્યું—

विना स्तंभं यथा गेहं, यथा देहं विनात्मना ।

तरुर्यथा विना मूलं, विना पुत्रं कुलं पतेत् ॥

'જેવી રીતે સ્તંભ વિનાનું ઘર, આત્મા વિનાનું શરીર, અને મૂળ વિનાનું વૃક્ષ પડી જાય છે, તેવીજ રીતે પુત્ર વિનાનું કુળ પણ પડે છે અર્થાત્ નાશ પામે છે.'

રાજા—' તે તો દૈવાધીન વાત છે.'

પુરોહિત—'તો પણ તેના ઉપાયો છે, તેમાંથી એક ઉપાય હું પણ જાણું છું.'

રાણી—' તે ઉપાય કયો છે તે કહો.'

પુરોહિત—' કૃષ્ણપક્ષની અષ્ટમી તથા અમાવાસ્યાએ છ માસ પર્યંત કાળા તલની તિલકુટ્ટી ખાઇને સ્ત્રી સેવન કરવાથી પુત્ર થાય છે. તેની આમ્નાય એટલી છે કે- સાંજે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તિલકુટી ખાવી ને રાત્રે સ્ત્રી સેવન કરવું, રાજા રાણીએ એક બીજાની સામું જોઇને તેના કહેવા પ્રમાણે કર્યું.

'પ્રાયે આવા પ્રકારથી કદી પુત્ર થાય તો તે પરભવના અભ્યાસથી મિથ્યા અનુષ્ઠાનનો કરનારો થાય છે, તે જીવ સત્ય ધર્મને આચરતો નથી.' કહ્યું છે—

'સ્વભાવેજ અસારમાં રૂચિવાળો જીવ બળાત્કારે સારમાં પ્રવર્તે છે. જેમકે પશુ પોતાની મેળે તો તૃણ ખાય છે, બાકી ઘી તો બળાત્કારે બીજા વડે પવાય છે.'

રાજા રાણીએ પુરોહિતના વચનથી તે પ્રમાણે કરી વ્રતનો ભંગ કર્યો અને પર્વારાધનના સુકૃતનો લોપ કર્યો, તોપણ પુત્ર થયો નહિ. કહ્યું છે-'હાથે બળ્યાને પોંખ પણ ગયો.' અન્યદા કોઇ મુનિ મહારાજ ત્યાં આવ્યા. તેમને પૂછતાં તે બોલ્યા-" જો પાપાચરણ કરવાથી ઇષ્ટ પ્રાપ્તિ થતી હોત તો સર્વને થાત, પણ ઇષ્ટ પ્રાપ્તિ પુણ્યથીજ થાય છ; તેથી જિનેશ્વર ભગવાનની પૂજા વિગેરે ધર્મ કરણી કરો. જિનેશ્વરની પૂજાનાં ફળ આ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યાં છે—

पुत्रं प्रसूते कमलां करोति ।
राज्यं विधत्ते तनुते च रूपं ॥
प्रमार्ष्टि दुखं दुरितं च हन्ति ।
जिनेंद्रपूजा कुलकामधेनु ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાર્થ—" જિનેંદ્રપૂજા કુળમાં કામધેનુ (ઇચ્છિત આપનારી ધેનુ) જેવી છે. તે પુત્રને આપે છે, લક્ષ્મીવાન્ કરે છે, રાજ્ય દે છે, રૂપ પ્રસારે છે; દુઃખ દૂર કરે છે અને દુરિતને હણે છે."

આ પ્રમાણે સાંભળીને તેઓ સામાયક, જિનેશ્વરની પૂજા, જીવદયા વિગેરે ધર્મકાર્યમાં તત્પર થયા; જેના પ્રભાવથી તેમને પુત્ર થયો, તેનું ધર્મશેખર એવું નામ આપ્યું, કે જે ધર્મશેખરનો હે રત્નશેખર, તું પુત્ર થાય છે.

અમો બંને પૂર્વે કરેલા વ્રતભંગ રૂપ પાપને આલોવ્યા વિના મરણ પામીને બકરો-બકરી થયા, ત્યાર પછી કૂતરો કૂતરી થયા, ત્યારબાદ સુકર-સુકરી, બળદ-ગાય, હંસ-હંસી, મૃગ-મૃગી અને સાતમે ભવે નંદન વનમાં શુક-શુકી થયા. બંનેને બાળપણમાં એક વિદ્યાધરે પકડયા અને પિંજરામાં નાંખ્યા; 'હે શુક! તને જે મિષ્ટ બોલવાનું વ્યસન પડયું છે તે ગુણ નથી પણ ગુણાભાસ છે, કારણ કે તેથી તને મરણ પર્યંત પંજરમાં પડવાપણું પ્રાપ્ત થાય છે;' જે વિદ્યાધર શુક-શુકીને પકડી ગયો હતો તેણે તેને ભણાવ્યા. તેનાપર પ્રીતિ થવાથી તેના વિના તે એક ક્ષણ પણ રહેતો નહિ. કાલે આજ નગરમાં ઉદ્યાનના તે વિદ્યાધર ક્રીડા કરવા આવ્યો હતો. ત્યાં કોઇ મુનિને જોઈ, તેમની પાસે જઇ, નમીને બેઠો. મુનિએ તેને કહ્યું-' સ્વચ્છંદપણે ફરનારા એવા આ શુકયુગળને કયા કારણથી નિરંતર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખને આપનારા એવા આ સાંકડા પાંજરામાં પૂર્યાં છે? કહ્યું છે કે—'જે પ્રાણી અન્ય જીવોને પકડીને વિવિધ પ્રકારનાં દુઃખો આપે છે, તે મનુષ્ય બીજા ભવમાં અનેક પ્રકારનાં દુઃખો વડે સંયુક્ત થાય છે.' એ પ્રમાણે બહુ પ્રકારે ઉપદેશ દઇ મુનિએ તે બંનેને છોડાવ્યા. તેઓ આકાશમાં ઉડતાં ઉડતાં તારા મહેલ ઉપર આવ્યા, પરંતુ ઉડવાનો અભ્યાસ નહિ રહેલ હોવાથી તેઓ તદ્દન થાકી જઇ સ્નેહથી ખેંચાયેલા તારા અને તારી રાણીના હાથ ઉપર આવીને બેઠા; સમસ્યા વિગેરે બોલતાં પોતાનું ઘર તથા પોતે ભોગવેલી વસ્તુઓ વિગેરે જોઈ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તેઓ મૂર્છા પામ્યા; તેં અને તારી રાણીએ કૃપા કરી તે વખતે તેમને 'નવકાર મંત્ર' સંભળાવ્યો. દૈવયોગે તેજ વખતે આયુષ્ય પૂર્ણ થવાથી તે શુક-શુકી તરતજ મરણ પામ્યા; અને નવકાર મંત્રના પ્રભાવથી અમો બંને ધરણેંદ્ર અને પદ્માવતી થયા. સ્નેહથી અને ઉપકારીપણાથી અમારૂં વૃત્તાંત કહેવા વડે તમને ધર્મમાં સ્થિર કરવા માટે અહીં આવી પ્રથમ આશ્ચર્ય બતાવ્યું છે. માટે હે પૌત્ર, ધર્મમાં કદી પણ પ્રમાદ કરીશ નહિ." એમ કહી ગુરૂને વંદન કરી તેઓ પોતાને સ્થાને ગયા.

આ વખતે ગૌતમ સ્વામીએ મહાવીર સ્વામીને પૂછ્યું-"હે સ્વામી! હમણા તે નાગરાજા છે?" ભગવંતે કહ્યું-"હે ગૌતમ! એ અર્થ સમર્થ નહિ. તે નાગરાજા તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અજઘન્ય ઉત્કૃષ્ટ એટલે મધ્યમ આયુ સ્થિતિ ભોગવી ચ્યવી ગયેલ છે. હાલ તો ભગવંત પાર્શ્વ પ્રભુએ પ્રતિબોધ કરેલ નાગરાજા છે."

હવે રાજા પણ મંત્રી તથા રાણી સહિત શ્રાવકના બાર વ્રત અંગીકાર કરીને ગુરૂને વિજ્ઞાપના કરવા લાગ્યો "અમે હમેશાં અચિત્ત પાણી પીશું, પર્વ તિથિએ પૌષધ કરશું, સચિત્ત ગ્રહણ કરશું નહિ અને દીન દુઃખીઆને અન્નદાન આપશું. કહ્યું છે—

आर्त्तेषु दीनेषु दयान्वितेषु,
यत् श्रद्धया स्वल्पमपि प्रदत्तं ।
तत् सर्वकामान् विदधाति राजन्
न लभ्यते यद्धनिनां प्रदत्तं ॥

દયા ઉપજે એવા દુઃખી અને દીનને શ્રદ્ધાવડે થોડું પણ જે અપાય છે તે પરભવમાં હે રાજન્ ! સર્વ પ્રકારનાં વાંચ્છિતને આપે છે; બાકી દ્રવ્યવાન્‌ને આપો તે પાછું મળતું નથી."

ગુરૂ બોલ્યા—"ગુરૂ સન્મુખ જે વ્રત નિયમ લેવામાં આવે તે પુરેપુરી રીતે ( નિરતિચારપણે ) પાળતા સતા સર્વે પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય છે." ઇત્યાદિ ઉપદેશ શ્રવણ કરી કેટલાક વિશેષ નિયમો ગ્રહણ કરી ગુરૂને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વંદન કરીને રત્નશેખર રાજા પોતાના નગરમાં આવ્યો. ગુરૂએ અન્યત્ર વિહાર કર્યો.

રાજા, રાણી અને મંત્રી સમ્યક્ પ્રકારે ધર્મનું આરાધન કરે છે, તેવામાં એકદા મંત્રી સ્વપ્નમાં ખર જોડેલા રથમાં પોતાને બેઠેલો જોઇ જાગ્રત થયો; પોતાનું આયુષ્ય અલ્પ જાણી રાજાથી અનુમોદિત થયેલ તે અનશન કરીને મૃત્યુ પામ્યો. રાજાએ તેનું સ્નાન કરીને તેના સહસ્રબુદ્ધિ નામના પુત્રને તેની પદવી આપી. પછી ધીમે ધીમે શોકને દૂર કરી બહુ પ્રેમથી પોતાની પ્રિયા સાથે વિસ્તારવાળા રાજ્યનું અને ધર્મનું પાલન કરવા લાગ્યો.

એકદા ચતુર્દશીને દિવસે રાજાએ પૌષધ કર્યો, તેથી તેના સર્વ સાંમતોએ પણ પૌષધ કર્યો. રાજસભાની જેમ ધર્મ સભા મળી, તેમાં રાજાએ નીચે પ્રમાણે ધર્મનો ઉપદેશ કર્યો–" જિનેંદ્રની પૂજા, સુસાધુની સેવા, સામાયક ને પૌષધમાં રતિ, સુપાત્રને દાન, અને સદ્‌ગુણી અથવા સદ્‌ગુણ ઉપર પ્રેમ, તેમજ ચારે કષાયનો ત્યાગ, તે શિવ પ્રાપ્તિનો સુમાર્ગ છે. વળી શ્રી અરિહંતે કહ્યું છે —દરરોજ લાખ લાખ સોના મહોરનું દાન આપનારને જેટલું પુણ્ય થાય તે કરતાં વધારે પુણ્ય એક સામાયક કરનારને થાય છે. તેમજ મેરૂ પર્વત સમાન કંચનનું દાન દરરોજ આપનારને જેટલું પુણ્ય થાય તે કરતાં અધિક પુણ્ય એક પૌષધ કરનારને થાય છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી રીતે રાજા ઉપદેશ કરે છે, તેવામાં રાજાનો એક જાસુસ પર્ષદામાં આવી રાજાની પાસે જઇને કહેવા લાગ્યો— "સ્વામિન્! કલિંગ દેશનો રાજા આપણા નગર ઉપર તૈયાર થઇને આવે છે. લશ્કર ચાલી ચુક્યું છે." રાજા બોલ્યો—"આજે પર્વનો દિવસ છે માટે રાજકથા કરવી નહિ." કહ્યું છે—"સામાયક ઉચ્ચર્યું હોય ત્યારે, પૌષધ વ્રત કર્યું હોય ત્યારે, અને જિન ભુવનમાં હોય ત્યારે, જે પ્રાણી સાવદ્ય કથા કરે છે તે ધર્મનો વિરાધક થાય છે."

રાજાનો આવો ઉત્તર સાંભળી આવેલ જાસુસ તો દૂર ગયો, પરંતુ લોકો શંકિત થઈ ગયા. તેવામાં દરવાજે પોકાર થયો-'હે ક્ષત્રિયો! દોડો, દોડો, શત્રુઓએ રાજાના સરોવરે પાણી પીવા ગયેલા ઘોડાઓ લઇ લીધા છે અને નગર ઉપર લશ્કર આવે છે.' આવા અવાજો દૂરથી સાંભળી કેટલાએક બીકણલોકો પૌષધ પારીને અને કેટલાક તો પૌષધ પાર્યા વગર મુહપત્તિ વિગેરે ઉપકરણો ત્યજી દઇને ઉતાવળા સ્ખલના પામતાં પામતાં ઘર તરફ દોડયા. રાજા જાણે કે તે જાણતોજ ન હોય તેવી રીતે ધર્મ ધ્યાન કરતો વિચારવા લાગ્યો-'તે નિઃસીમ સત્વવાળા પ્રાણીઓ ધન્ય પુરૂષોમાં પણ ધન્ય છે કે જેઓ વિષમ સંકટમાં પડયા છતાં પણ ધર્મને ત્યજતા નથી. તે મહા રાજાને ધન્ય છે કે જેને શત્રુઘ્ન રાજાએ કપટ વડે મરણ પમાડયા છતાં પણ તેના ઉપર મનથી પણ જે કોપાયમાન થયો નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અશ્વ, હાથી, રાજઋદ્ધિ અને સ્ત્રી વિગેરે સર્વ અશાશ્વત છે, એક જિન ધર્મજ આ સંસારમાં સારભૂત અને શાશ્વતછે."

રાજા આ પ્રમાણે વિચારે છે, તેવામાં વળી ખુંઆરવ કરનાર બોલ્યો—" અરે ! આ રાજા કેવો નિઃસત્વ છે કે જે હજુ પણ બહાર નીકળતો નથી ? હું દરવાજા ઉપર રહેલ સતો પરરાજ્યના લશ્કરને શહેરમાં પ્રવેશ કરતું જોઉં છું." તે વખતે સામંતો બોલ્યા—"સ્વામિન્ ! આ અયોગ્ય દેખાય છે. આપણા ઘોડાઓ પ્રથમ હરાયા છે, વળી બીજું પણ સર્વ હરાઓ તેનું કાંઇ નહિ, પણ ઘોડાઓનું હરણ તે ક્ષત્રિયોને જન્મના કલંકરૂપ છે. કહ્યું છે કે "તે નૃપવૃષભોને ધન્ય છે કે જે પોતાના દેશનો ભંગ, ઘોડાઓનું હરણ અથવા સ્ત્રીનું હરણ જીવતા સતા જોતાં નથી."

તે સાંભળી રત્નશેખર રાજા બોલ્યો—

हयाः कस्य गजाः कस्य, कस्य देशोथवा पुरं ।
बहिरुपमिदं सर्वं मात्मीयो धर्म एव हि ॥

"કોના ઘોડા, કોના હાથી, કોનો દેશ ને કોનું નગર ! એ સર્વ બહીરૂપ છે; ( પોતાનું નથી; ) પોતાનો તો એક ધર્મજ છે."

આ પ્રમાણે રાજા શાંત ચિત્તવાળો રહે સતે થોડી વારમાં નગર બધું શાંત થઇ ગયું. યદુક્તં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अवहरइ दुरियरासिं, देइ तहा जयसिरिं च रायाणं ।
सम्मं जिणिंदधम्मो, तिविहं तिविहेण अणुचिन्नो ॥

ભાવાર્થ—" સમ્યક્ પ્રકારનો જૈનધર્મ ત્રિવિધે ત્રિવિધે[1] આરાધ્યો સતો પાપની રાશિને દૂર કરે છે અને રાજાઓને જયલક્ષ્મી આપે છે. "

આમ થવાથી સર્વે સાંમતો લજ્જાથી નીચું મુખ કરતાં ધર્મના ઉપકરણો ગ્રહણ કરીને રાજા પાસે આવ્યા. રાજાએ અહો રાત્રિના પૌષધ નિર્વિઘ્નપણે કરી બીજે દિવસે સવારે પારણું કર્યું; પછી મંત્રીની સાથે વિચાર કરીને મોટા સૈન્ય સાથે કલિંગ દેશના રાજા ઉપર ચડાઇ કરવા ચાલ્યો. રત્નવતી રાણી ધર્મમાં તત્પરપણે ગૃહે રહી. અષ્ટમીને દિવસે તેણીએ પૌષધ કર્યો. દિવસ પસાર થયો, એટલે પ્રતિક્રમણ કરીને તે સ્વાધ્યાય ધ્યાન કરવા લાગી, તેવામાં પોતાની સમક્ષ પોતાના પતિને તેણે જોયો. ' આ શું!' એમ તે વિચારે છે તેવામાં તે પુરૂષ બોલ્યો—" શું વિચાર કરે છે? તારી સાથે ભોગવિલાસ કરવા લશ્કરમાંથી આવેલો હું તારો પતિ છું. "

રાણી—" અરે! આજ તો પર્વનો દિવસ છે, વળી

---

૧ મન, વચન, કાયાવડે કરવું-કરાવવું ને અનુમોદવું એ ત્રિવિધ ત્રિવિધ સમજવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં સર્વ પૌષધ કર્યાં છે, તો આપ બ્રહ્મચર્ય ભંગ કરવાનું કેમ બોલો છો? કહ્યું છે—' જો જિન વચનમાં શ્રદ્ધાળુ માણસ પણ આવી રીતે લોક વિરૂદ્ધ પાપ કરે તો પછી જિન વચનના અજાણમાં ને તેનામાં ફેર શો?'

રાજા—

कुलस्त्राणां पतिः पूज्यः, पतिर्देवः पतिर्गुरुः ।
तस्यादेशे न तत्कार्या, पुण्यपाप विचारणा ॥

કુલીન સ્ત્રીઓને પતિ પૂજ્ય, પતિ તે દેવ અને પતિ તેજ ગુરૂ હોય છે; તથી તેના આદેશમાં તેણે પુણ્ય પાપની વિચારણા ન કરવી."

રાણી—

પુત્ત ન મિત્ત કલત્ત પહુ; નહુ વલ્લહ ભર્તાર;
નરકે પડતાં જીવડા, રાખે ધમ્મ વિચાર.

" નરકમાં પડતાં આ જીવને પુત્ર, મિત્ર, કલત્ર, સ્વામી કે વહાલો ભર્તાર કોઇ પણ રાખવા સમર્થ નથી; માત્ર ધર્મવિચારજ રાખી શકે છે."

રાજા—" વહાલી, તું સ્નેહને ઓછો શામાટે કરે છે? સાંભળ! તારો વેષ સૂર્ય સરખો કાંતિવાન છે, વાણીવિલાસ કળાવાન છે, ભ્રૂકુટિલતા મંગળ સમાન છે, સૌમ્યતા બુદ્ધ

સમાન છે, ગુરૂએ સ્તનકળશમાં વિશ્રામ લીધો છે, સુરત-ક્રીડાના અંતમાં શુક્રનો પ્રવેશ છે, મંદે (શનીએ) તારા હાસ્યમાં સ્થાન કર્યું છે, નિવડ એવા કેશકલાપમાં રાહુએ વાસ કર્યો છે, અને હે સુભ્રૂ! તું પોતેજ સર્વ સ્ત્રીઓમાં કેતુ (ધ્વજા) સમાન છે, તેથી નવે ગ્રહોએ તારામાં નિવાસ કરેલો જણાય છે, એવી હે પ્રાણવલ્લભા! કામરૂપી ગ્રહથી મારૂં રક્ષણ કર."

આ પ્રમાણે રાજાએ તેને કહ્યું, પણ તેણીએ સામું પણ જોયું નહિ, ત્યારે રાજાએ કહ્યું—"હું તારી ઉપર બીજી સ્ત્રી પરણીશ અને તારી સાથે બોલીશ પણ નહિ." રાણી—

लब्भंति विउलाभोगा, लब्भंति सुरसंपया ।
लब्भंति पुत्तमित्ताणि, एगो धम्मो नलब्भइ ॥

"વિપુલ એવા ભોગો, દેવિસંપત્તિ, અને પુત્ર, મિત્ર વિગેરે સર્વ વારંવાર પ્રાપ્ત થાય છે, પણ માત્ર એક ધર્મ પ્રાપ્ત થતો નથી."

આ પ્રમાણે સાંભળી તે અદૃશ્ય થઈ ગયો. પછી રાણી 'આ તે ઇંદ્રજાળ હશે કે સત્ય હશે!' એમ વિચારતી થોડીવાર નિદ્રાસુખ અનુભવી પાછી ધર્મ જાગરિકા કરવા લાગી. તેમાં વિચારતી હવી કે—"તે શ્રી રિષભદેવની પુત્રી મહા ભાગ્યવંત એવી સુંદરી નમવા યોગ્ય છે કે જેણે સાઠ હજાર વર્ષ સુધી આંબિલનો શ્રેષ્ઠ તપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો; વળી તે જનક પુત્રી સીતાને ધન્ય છે કે મહાસંકટમાં પડયા છતાં પણ જેનું શીલરૂપી બખ્તર દશમુખ જે રાવણ તેના વચનાદિવડે જરાપણ ભગ્ન થયું નહિ." આ પ્રમાણે વિચારતી શુદ્ધ પૌષધ વ્રતને આરાધી પ્રાતઃકાળે પ્રતિક્રમણ વિગેરે કરી તેણીએ પૌષધ પાર્યો, પછી જિન-પુજા, સ્વધર્મિવાત્સલ્ય, દીનને દાન વિગેરે કરી સુપાત્રને દાન આપી તેણીએ પારણું કર્યું.[૧] એવી રીતે રત્નવતી નિરંતર ધર્મ કરવા લાગી.

વળી ફરીથી ચતુર્દશીને દિવસે તેણીએ પૌષધ કર્યો. તે વખતે મકરધ્વજ નામના માંડળિક રાજા સાથે પરણાવેલી તેની પુત્રી તેની પાસે આવીને બોલવા લાગી-"અરે મા ! મારા પિતા હાલમાં ઘરે નથી, મારો દેવર સવારે પરણવા જવાનો છે; તેથી મને ન્હવરાવ, તથા મારા કેશ ગુંથવા વિગેરેની સામગ્રી સજજ કરાવ."

તેણી બોલી—"મેં આજ પૌષધ કરેલો હોવાથી હું તે કરીશ નહિ અને કરાવીશ પણ નહિ. કહ્યું છે - "જે કોઇ મૂહાત્મા શ્રાવક પૌષધ વ્રત અંગીકાર કરીને તેમાં સાવધ કર્મમાં તત્પર થાય છે તે દેવ મનુષ્યોની કુત્સિત યોનિને પ્રાપ્ત કરે છે (નીચ કુળમાં જન્મે છે.)" આ પ્રમાણે સાંભળીને તે રીસાતી તથા રોતી રોતી ચાલી ગઇ. સ્ત્રીઓને પુત્ર કરતાં પુત્રી વધારે વહાલી

---

૧. પારણા વખતે કેવી રીતે આચરણ કરવું તે આ વાકય શીખવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય છે, છતાં રત્નવતીએ તેની સાથે સાવદ્ય વાર્તા પણ ન કરી.

સ્રીને પુત્રીના વિશેષ પ્રિયપણા વિષે કહ્યું છે—

" સ્રીઓને પુત્ર કરતાં પણ પુત્રી વિશેષ વલ્લભ હોય છે, તેથી જુઓ, સર્વત્ર જમાઇ પૂજાય છે, કોઇ ઠેકાણે વહુ પૂજાતી નથી."

પ્રાતઃકાળે અમાવાસ્યાને દિવસે તેણીએ પોષધ પાર્યો, તે વખતે વિવાહના ગીતો ગવાતાં તેણે સાંભળ્યાં, તેવામાં તેનો જમાઇ ઉતાવળે તેની પાસે આવી કહેવા લાગ્યો– " હે સાસુ ! જુઓ, વર તો પરણવા ચાલ્યો અને મારી બેન, માતા વિગેરે સર્વ વિવાહ સંબંધી કાર્યમાં વ્યગ્ર છે, તેથી મને ઉતાવળે સ્નાન કરાવો. "

રત્નવતી બોલી–" આજે પર્વને દિવસે હું ન્હાવણુ વિગેરે કરીશ નહિ તેમ કરાવીશ પણ નહિ. "

તે હસીને બોલ્યો—

થીયહ તિન્નિ પિયારડાં, કળિ કજ્જળ સિંદૂર;
અન્નઈ તિન્ન પિયારડાં, દુધ જમાઇ તૂર. ૧

" સ્રીઓને કળહ, કાજળ ને સિંદુર એ ત્રણ પ્યારાં હોય છે, તેમજ દુધ, જમાઇ ને વાજીંત્ર એ ત્રણ પણ પ્યારાં હોય છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે બોલી—" મોહથી મૂઢ થઈ ગયેલનેજ તે ત્રણ ત્રણ વસ્તુ વલ્લભ લાગે છે; ઉત્તમ મનુષ્યને તો દેવ, ગુરૂ, ધર્મરૂપી ત્રણ રત્ન, અથવા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રય પ્રાણથી પણ વલ્લભ લાગે છે." કહ્યું છે—

देवोजिणिंदो जिणरायधम्मो, जिणिंदधम्मंमि ठिया मुणिंदा।
पाणप्पिये तिन्निवि हुंति एए, तिलोअसारे खलु पंडियाणं ॥
जिणंद बिंबं च जिणिंद वाणी, जिणागमज्झयण परायणाया।
सन्नाण सम्मत चरित्तरूपं, रयणत्तयं वा पुण वल्लहाइं ॥

ભાવાર્થ—" પંડિતોને આ અસાર એવા સંસારમાં જિનેશ્વર ભગવાન્, તેમણે પ્રરૂપેલો ધર્મ, અને તે ધર્મમાં સ્થિત થયેલ મુનિઓ, એ ત્રણ પ્રાણ કરતાં પણ અધિક પ્રિય અને ત્રણ લોકમાં સારભૂત લાગે છે. વળી જિનેશ્વરનું બિંબ, જિનેશ્વરની વાણી અને જિનેશ્વરના આગમનું અધ્યયન કરવામાં પરાયણતા-એ ત્રણ અથવા તો સમ્યગ્ જ્ઞાન, સમ્યકત્વ અને ચારિત્ર રૂપી રત્નત્રય વલ્લભ હોય છે."

આ પ્રમાણે કહીને રત્નવતી બોલી—" આજે તો હું સંસારકથા સાંભળતી પણ નથી." તે સાંભળી રૂષ્ટમાન થયેલો તેનો જમાઇ બોલ્યો—" અરે કપટથી ધર્માચરણ કરનારી ! જો તું આમ કરે છે તો હું પણ ત્યારેજ ખરો કે જ્યારે બીજી કન્યા પરણીને તારી પુત્રીને દુઃખી કરૂં." આમ બોલીને તે ચાલી ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે રત્નશેખર રાજા કલિંગ દેશમાં લશ્કર લઇ ચડાઇ કરવા ગયો હતો, તે ત્યાં જીત મેળવી તેજ દિવસે સંધ્યા સમયે સૈન્ય સહિત શહેરમાં આવ્યો. દિવસે પૈષધ થઇ શકેલ ન હોવાથી તેણે પોતાના મહેલમાં જઇને રાત્રે પૈષધ વ્રત કર્યું. તે જ્યારે પ્રતિક્રમણ વિગેરે કૃત્યો કરી ધ્યાન પૂર્વક નમસ્કાર મંત્રનું સ્મરણ કરતો હતો, તેવામાં નુપુરનો ધ્વનિ થયો અને ઉત્તમ હાર જેના કંઠમાં શોભી રહ્યો છે એવી અને વિકારવાળી રત્નવતી રાણી હાથમાં પાનનું બીડું લઇને ત્યાં આવી અને બોલી-" નાથ, થોડા કાળમાંજ ફરી ગયા, જેથી અહીં આવ્યા છતાં મને બોલાવી પણ નથી ?" રાજાએ તેની સન્મુખ પણ જોયું નહિ; તેથી તે બોલી-" પ્રાણનાથ, ધ્યાનને ત્યજી દો, અત્યારે શું ધ્યાન ધરો છો ? ધ્યાન પણ અવસરે શોભે છે, તેને માટે પણ વખત હોય છે; સર્વત્ર ધ્યાન શોભતું નથી."

રાજા—" હે રાણી ! આજે પર્વનો દિવસ હોવાથી મેં પૈષધ કર્યો છે, માટે વિષયની કથા પણ ન કરવી જોઇએ. તારે આજે અહીં આવવું તે પણ તદ્દન અયુક્ત છે. શું તું નથી જાણતી કે—

अन्य मुद्रा कृतं पापं, छुटयते जिनमुद्रया ।
जिनमुद्रा कृतं पापं, वज्रलेपो भवेद्ध्रुवं ॥ १ ॥
अन्यस्थाने कृतं पापं, मुच्यते पर्ववासरे ।
पर्वादिने कृतं पापं, वज्रलेपो भवेद् ध्रुवं ॥ २ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાર્થ—" અન્ય ધર્મની પ્રવૃત્તિથી તેના વેશાદિકમાં રહે સતે બાંધેલું પાપ જૈન ધર્મથી છુટે છે; પણ જૈનધર્મમાં રહીને તેના વેશમાં બાંધેલું પાપ નિશ્ચે વજ્રલેપ જેવું થાય છે. વળી બીજે દિવસે કરેલું પાપ પર્વને દિવસે છુટે છે; પણ પર્વને દિવસે કરેલું પાપ નિશ્ચે વજ્રલેપ સમાન થાય છે."

રત્નવતી—" હું તે સર્વ જાણું છું, પણ મદનના મહા જ્વરનું પરવશપણું એજ મારા આવવામાં કારણ છે. કહ્યું છે કે—

तपस्तावज्जपस्तावत्तावद्धर्मविचारणा ।
यावज्ज्वलति नांगेषु, हतः पंचेषु पावकः ॥

તપ, જપ અને ધર્મ વિચારણા તે સર્વ ત્યાંસુધીજ ટકે છે કે જ્યાંસુધી અંગોમાં કામાગ્નિ પ્રદીપ્ત થતો નથી."

તે વખતે રાજા વિચારે છે કે– ' તે દશરથ રાજાના પુત્ર મંડળાધિપતિ ભરતને ધન્ય છે કે જે વિવિધ પ્રકારના સાંસારિક વૈભવમાં રહ્યો સતો પણ યુવતિઓથી ક્ષોભાયમાન થયો નહિ. ' આ પ્રમાણે વિચારી રાજાએ કાયોત્સર્ગ કર્યો.

પછી કામ વિષયમાં ગૃદ્ધ (આસક્ત) થયેલી રાણીએ અનેક પ્રકારનાં વિરૂપ આચરણોથી રાજાને ક્ષોભ પમાડવા માંડયો; પણ મેરૂ પર્વતની જેવો અચળ રાજા નિમેષ માત્ર પણ ક્ષોભાયમાન થયો નહિ, ત્યારે છેવટે તે બોલી—" હે પ્રાણેશ, તમારૂં વૃત્તાંત જાણ્યું, નક્કી તમે બીજી કોઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુવતિને વિષે આસક્ત થયા લાગો છો; પણ જો એ વાતનો ખરો પત્તો મળે છે તો સવારે હું કરૂં તે જોજો, ” આ પ્રમાણે કહીને તે ચાલી ગઇ.

રાજાએ સંસારની અસારતાને ભાવતાં રાત્રિ વ્યતીત કરી. પ્રભાતે પ્રાતરાહ્નિક કૃત્યો કરી, પોસહ પારી આકાશમાં સૂર્યની જેમ રાજાએ રાજસભાને શોભાવી, તેવામાં અંતઃપુરમાં પોકાર થયો —‘ રાણી જાય છે, રાણી જાય છે. ’ તે સાંભળી સર્વ લોકો ઉંચાં નેત્ર કરી જોવા લાગ્યા, એટલામાં રત્ન ને સુવર્ણથી ભરેલી, રાતી સાંઢડી ઉપર કોઈ યુવાન્ પર પુરૂષના વામાંગે બેઠેલી અને “ રાત્રે મારૂં કહ્યું ન કર્યું, તો હવે મારૂં કૃત્ય જુઓ ” એમ રાજા પ્રત્યે કહેતી રાણી રાજાની નજીકમાં થઇને નીકળી.

રાજા તે જોઇને મનમાં વિચારવા લાગ્યો-‘ અહો કૃત્રીમ સ્નેહ વાળી નારીને ધિક્કાર છે ! કે જેને ખરી રીતે કોઇ પણ વલ્લભ નથી. હવે આ રાણીનું મારે શું કામ છે? પરંતુ લોકોમાં અપવાદ થશે; ’ એમ વિચારી રાજા સૈન્ય સાથે તેની પછવાડે ચાલ્યો. આગળ ચાલતાં જુએ છે તો નજીક કે દૂર સૈન્ય, રાણી કે ઉંટડી કાંઈ નજરે પડયું નહિ. તેવામાં રાજાનો અશ્વ તરશ્યો થયો, એટલે તે આગળ ચાલતાં હઠ કરવા લાગ્યો. રાજા સમીપમાં જળાશય જોઇ ઘોડા ઉપરથી ઉતરી તેને પાણી પાવા ગયો, પણ ઘોડો ત્યાંજ મરણ પામ્યો. અહો !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દૈવનો અવસર કોઇ વખત જતોજ નથી;' તેવામાં મધ્યાન્હનો સમય થયો, એટલે સૂર્યના કિરણથી તપ્ત થયેલ રત્નશેખર બોલ્યો—'સૂર્યના કિરણથી સ્પર્શ પામેલી છાયા લજ્જા પામીને પુરૂષના હસ્તાગ્રનો સ્પર્શ થવાથી ભય પામતી કુળવધૂઓ જેમ ઘરમાં પેસી જાય, તેમ ભોંયમાં પેસે છે;[૧] પણ મારી પ્રિયા તેમ કરતી નથી.' આ પ્રમાણે વિચારતો ક્ષુધા તથા તૃષાથી દુ:ખિત થયેલ રાજા ચાલ્યો જાય છે, તેવામાં જેના હાથમાં આમ્રફળ છે તેવો કોઇ દ્વીજ તેની પાસે આવી બોલ્યો—

"હે મહાપુરૂષ! તમે ઉપવાસ કર્યો હોય તેવા ક્ષુધાતુર જણાઓ છો, તેથી આ ફળ ખાઓ."

રાજા—"હું પ્રત્યાખ્યાન વિના રહેતો નથી, તેથી તે ફળ ખાધા પછી મુખ શુદ્ધ કરવા માટે પાણી ન હોવાથી હું તે શી રીતે ખાઉં.?" રાજા આમ બોલે છે, તેવામાં જેના હાથમાં નીઝરણાના પાણીનું પાત્ર છે એવો કોઇ બીજો બ્રાહ્મણ ત્યાં આવ્યો અને 'પાણી પીઓ' એમ નૃપને કહ્યું.

રાજા—"હું સચિત્ત જળ કદાપિ પણ પીશ નહિ." તે સાંભળી બંને દ્વીજ બોલ્યા—"મૂર્ખ, એમ કરવાથી તો પ્રાણ ખોઇશ."

---

૧. સૂર્ય મધ્યાન્હે આકાશમાં વચ્ચે હોવાથી છાયા તદ્દન ટુંકી થઇ જાય છે અને ભોંયમાં પેસતી હોય તેમ લાગે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજા—

धनं यातु गृहं यातु, यातु प्राणाः प्रियान्विताः ।
साभिग्रहं पर्वदिनं, जातुचिन्नैव यातु मे ॥

" ધન જાઓ, ગૃહ જાઓ અને પ્રિયાં સાથેં પ્રાણ પણ જાઓ, પણ અભિગ્રહ કરેલ પર્વ દિવસ કદિ પણ ન જાઓ. અર્થાત્ પર્વ નિયમનો ભંગ ન થાઓ. "

કહ્યું છે કે—" પર્વ સંબંધી નિયમોને ગ્રહણ કરીને જે પ્રાણી પ્રમાદના દોષવડે તે ભાંગેછે, તે સહસ્ત્ર પ્રકારનાં દુઃખોથી ભરેલા તિર્યંચપણાને અનેક પ્રકારેં પામે છે. "

રાજાનાં વચનો સાંભળી પેલા દ્વીજ અન્યોઅન્ય કહેવા લાગ્યા.—

કમ્મહ કિમે ન છૂટીયે, જુઓ વડા વિછંદ;
પાણહ ઘરે પાણી વહે, હે હે નૃપ હરિચંદ.

" કરેલાં કર્મથી કોઇ પ્રકારે છુટાતું નથી. જુઓ! કેવું વિપરિતપણું છે કે ચંડાળને ઘરે હરિચંદ્ર રાજા પાણી ભરે છે; આ થોડા ખેદની વાત નથી. "

પછી તેઓએ રાજાને પૂછ્યું—" તમે ક્યાં જાઓ છો? "

રાજાએ કહ્યું—" એક કરભી[1]ની શોધમાં જાઉંછું; તમે કોઈ કરભીને જતી દેખી છે? "

---

૧. ઉંટડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેઓ બોલ્યા—"હા, તે આગળ ચાલી જાયછે અને તેના ઉપરથી ઉતરીને એક મનુષ્યનું જુગળ [1] એક વૃક્ષ નીચે સ્નેહાલાપ કરે છે. જો તેનું કામ હોય તો ઉતાવળે જાઓ." આ વાત સાંભળી લજ્જાથી પોતાનું મસ્તક નીચે કરી ( નીચું જોઇ ) રાજા ચિંતવવા લાગ્યો—"અહો ! સ્ત્રી-ચરિત્ર અતિ ગહન છે." કહ્યું છે કે—

"જે નિર્મળ બુદ્ધિવાળા મનુષ્યો ક્ષણમાત્રમાં સર્વ શાસ્ત્રોને જાણવાને સમર્થ હોય છે, તેઓ પણ સ્ત્રી ચરિત્રને જાણવાને કદાપિ સમર્થ થઈ શકતા નથી. જે જિન વચનને જાણે છે, તથા વિવિધ પ્રકારનાં ધર્મકૃત્યો કરે છે, તે પણ વિષયમાં આસક્ત થયા સતા લજ્જાને અને ધર્મને બંનેને ત્યજી દે છે." તથાપિ તે દુર્ગતિમાં ન જાય એટલા માટે હું જઇને તેને પ્રતિબોધ પમાડું. કહ્યું છે કે—

जो अन्नं पावरयं, पडिबोहइ सुध्ध धम्मबुद्धीए ।
तस्स पुण बोहिलाभो, सुलहो हुज्जा परभवंमि ॥

"જે પ્રાણી શુદ્ધ ધર્મબુદ્ધિથી બીજા પાપાસક્ત પ્રાણીને પ્રતિબોધ પમાડે છે તેને પરભવમાં સમ્યક્ત્વનો લાભ સુલભ થાય છે."

આ પ્રકારે ચિંતવન કરીને રાજા જેવો આગળ ચાલવા તત્પર થાય છે, તેવામાં નથી અરણ્ય કે નથી

1. સ્ત્રી પુરુષ.

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

બ્રાહ્મણો. સર્વ અદૃશ્ય થઇ ગયું; અને તેણે પોતાના મહેલમાં પોતાની પ્રિયા રત્નવતી સાથે સિંહાસન ઉપર બેઠેલો પોતાને જોયો. તે વખતે રાજાના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી પ્રત્યક્ષ થઇને ચલાયમાન કુંડળ વાળો કોઇ દેવ બોલ્યો—" હે રાજા, મને ઓળખો છો ? "

રાજા—" તમે દેવ છો ? "

પોતાના રૂપને બદલીને તે બોલ્યો—" હવે મને ઓળખ્યો ? "

રાજા—" તું મતિસાગર મંત્રી છે; પણ મૃત મનુષ્ય કોઇ પણ જીવતા થતા નથી, માટે આ શું ? "

દેવ—" સાંભળો, હું આપનો મંત્રી મતિસાગર સમાધિથી મૃત્યુ પામી પાંચમા બ્રહ્મદેવલોકમાં દેવ થયો છું." અંતર્મુહૂર્તમાં પર્યાપ્તિઓ પૂરી કરીને તરૂણ મનુષ્યની જેવો થયો. પછી તે દેવ શય્યામાંથી[1] ઉઠયો અને દેવ દેવીઓથી સ્તવાતા થકા તેણે અભિષેકાદિ સભામાં પોતાને યોગ્ય બધાં કાર્યો કર્યાં. પછી સિદ્ધાયતનમાં જઇને જિનેશ્વર ભગવાનની પૂજા કરી.

[2]મહાવીરસ્વામીએ રત્નશેખરની આટલી કથા કહી, એટલે ગૌતમ સ્વામીએ પૂછ્યું—" તેણે જિનેશ્વર ભગવાનની પૂજા કેવી રીતે કરી ? "

---

૧. દેવતાઓ તેવીજ રીતે જન્મે છે. એક શય્યામાંથી અંતર્મુહૂર્તમાં બેઠા થાય છે. તેઓની ગર્ભવડે ઉત્પત્તિ નથી.

૨. જુઓ કથાની શરુઆત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાવીર સ્વામીએ જવાબ દીધો—" જેવી રીતે રાયપસેણી ઉપાંગમાં સૂર્યાભ દેવે અષ્ટ પ્રકારવડે પૂજા કર્યાનું કહ્યું છે, તેમ તેણે કરી. તે પ્રકાર આ પ્રમાણે—' શ્રેષ્ઠ કુસુમ, ગંધ, અક્ષત, ફળ, જળ, નૈવેદ્ય, ધૂપ ને દીપ ' એમ અષ્ટ પ્રકાર વડે અષ્ટ પ્રકારનાં કર્મ[1]ને હણનારી જિનપૂજા કહેલી છે. "

પછી કથા આગળ ચલાવતા ભગવાન્ બોલ્યા--" પછી જેવો તે દેવ સભામંડપમાં આવી સિંહાસન ઉપર બેઠો, તેવામાં સીમંધર સ્વામીને નમવા માટે જતો દેવોનો મોટો સમૂહ જોઇ તે દેવ પણ તેની સાથે ગયો અને સીમંધર સ્વામીને તેણે વાંદ્યા.

( સીમંધર સ્વામીની ઉત્પત્તિ આ પ્રમાણે છે )

" આ ભરત ક્ષેત્રમાં શ્રી કુંથુનાથ સિદ્ધ થયા અને અરનાથ તિર્થંકર જન્મ્યા નહોતા તે સમયમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામા વિજયમાં પુંડરિગિણિ નામે નગરીમાં ભગવાન્ શ્રી સીમંધર સ્વામી જન્મ્યા. મુનિ સુવ્રતસ્વામી અને નમિનાથની વચ્ચેના આંતરામાં તેમણે ચારિત્ર અંગીકાર કર્યું; અને આવતી ચોવીશીમાં ઉદય અને પેઢાલ નામે જિનેશ્વરોના આંતરામાં તે સિદ્ધિ પદ પામશે. વળી એમ પણ સંભળાય છે કે આ ભરત ક્ષેત્રમાં જ્યારે દશરથ રાજા થયા, ત્યારે મહાવિદેહમાં તેમણે દીક્ષા અંગીકાર કરી. "

---

૧. આઠ પ્રકારનાં કર્મ આ પ્રમાણે-જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછી તે દેવે પ્રભુએ આપેલ દેશના સાંભળી; દૈવયોગથી પ્રભુએ વ્યાખ્યાનમાં પર્વતિથિનું વ્યાખ્યાન કર્યું. તેમણે કહ્યું—" ઉત્તમ પુરૂષે પ્રત્યેક દિવસે જિનેશ્વર કથિત ધર્મ કરવો; કારણ કે જીવોને ધર્મ સામગ્રી પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે. જો સકળ સુખના મૂળભૂત ધર્મ સર્વદા કરી શકાય નહિ તો જિનેશ્વરના કહેલા સર્વ પર્વોને વિષે તો અવશ્ય કરવો. જે પ્રાણી ધર્માનુષ્ઠાન પર્વોને વિષે પણ નિરંતર અવશ્ય કરે છે અને મનને વિષે ધર્મનું ધ્યાન તો હરરોજ અવિચ્છિન્ન ધ્યાયા કરે છે, તેને પર્વોને વિષે કરેલો ધર્મ પણ શુભ ભાવે કરીને અન્ય દિવસોએ કરેલા ધર્માનુષ્ઠાનના ફળ કરતાં પ્રાયે અનંતગુણો ફળદાતા થાયછે."

આ પ્રમાણેની દેશના સાંભળીને બ્રહ્મ લોકવાસી સુરે પ્રભુને પૂછયું—" ભગવન્, વર્તમાન સમયમાં એવો કોઇ પર્વ તિથિને વિષે દૃઢ મનવાળો જીવ છે ? "

પ્રભુ—" ઘણા જીવો છે, તેમાં પણ વિશેષ કરીને ભરત ક્ષેત્રમાં રત્નશેખર રાજા ને તેની રાણી રત્નવતી પર્વારાધનમાં દૃઢમનવાળા છે કે જેઓ દેવદૈત્યાદિ વડે પણ ક્ષુભિત ન થાય તેવા છે. "

પોતાના સ્વામીના ગુણવર્ણનથી આનંદિત થઇને તે દેવ અહીં આવ્યો અને પરરાજ્યના લશ્કરનું આવવું વિગેરે બતાવીને બહુ પ્રકારે આપની પરીક્ષા કરી. આપને સહયો, તે હું છું. અહો સ્વામી ! તમને ધન્ય છે જેમની શ્રી સીમંધર સ્વામી પ્રશંસા કરે છે. કહ્યું છેકે-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" જે ધર્મને અરિહંત પ્રમુખ ઉત્તમ પુરૂષો પણ કબુલ કરે છે તે ધર્મજ પરમાર્થે મુક્તિ સુખનો આપનારો હોય છે. વળી સુખના સમયમાં તો પ્રાયે સર્વ ધર્મને વિષે નિરત (આસક્ત) હોય છે; પરંતુ આપત્તિમાં પડયા સતા પણ જે ધર્મતત્પર રહે છે તેવા પ્રાણી કોઇ વિરલજ હોય છે." આ પ્રમાણે રાજા રાણીની સ્તુતિ કરી, નહીં ને ન ઇચ્છતા એવા તે બંનેને શૃંગાર આપી તે દેવ પોતાને સ્થાનકે ગયો.

રાજા પણ સ્વસ્થતાથી રાજ્ય કરવા લાગ્યો અને સર્વ દેશના લોકો પાસે પર્વ તિથિનું આરાધન કરાવવા લાગ્યો. દરવખત સપ્તમી અને ત્રયોદશીની સાંજે આવતી કાલે સવારે પર્વ છે એમ જણાવવા પૂર્વક અમારી પાળવાની ઉદ્ઘોષણા પડહ વગડાવી કરાવવા લાગ્યો અને પૌષધને પારણે સુશ્રાવકોનું સ્વામી વાત્સલ્ય કરવા લાગ્યો. યદુક્તં-

जिण सासणस्स सारं, जीवदया निग्गहो कसायाणं ।

साहम्मिअ वच्छल्लं, भणंति मुणिणो मुणियतत्ता ॥

" તત્વને જાણનારા મુનિરાજાઓ કહે છે કે-જિન શાસનનો સાર જીવદયા, કષાયોનો નિગ્રહ અને સ્વામી વાત્સલ્ય છે."

પછી રત્નશેખર રાજાએ જિન ચૈત્યોથી આ પૃથ્વીને મંડિત કરી. એ પ્રમાણે બારપ્રકારના શ્રાવક ધર્મયુક્ત અખંડિતપણે પર્વ દિનોની પ્રતિપાલના કરી, પ્રાંતે આરાધનાયુક્ત અનશન કરી મૃત્યુ પામીને રત્નશેખર રાજા બારમા અચ્યુત દેવલોકમાં ઇંદ્રનો સામાનિક[1] દેવ થયો. રત્નવતી રાણી પણ તેનીજ માફક અનશન કરીને બીજા ઇશાન

૧. ઇંદ્ર જેટલા રિદ્ધિવાળો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

...વલોકમાં દેવી થઈ; [૧] રત્નશેખરના જીવે તેનેજ પોતાની ...વલ્લભા કરી.

આ વખતે ગૌતમસ્વામીએ પૂછ્યું-" ભગવન્, તેઓ મોક્ષ પામશે ?"

મહાવીર સ્વામીએ જવાબ આપ્યો—" હે ગૌતમ! આજ ભરતમાં તેજ રત્નપુર નગરમાં રાજ્યકુળમાં જન્મ પામી તિર્થંકર પાસે દીક્ષા ગ્રહણ કરી તે ત્રણે જીવો મંત્રી, રાજા તથા રાણી કેવળી થઈ સિદ્ધિપદને પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે. તેટલા માટે સર્વ ભવ્ય જીવોએ જેવું તેઓએ પર્વ દિવસોનું પાલન કર્યું, તેવું પાલન કરવું.

જે જીવો આ કથા શ્રવણ કરી શ્રી પર્વ દિવસોનું આરાધન કરવા તત્પર થશે, તે જીવો આસન્ન-ભવ્ય ( થોડાજ ભવમાં મોક્ષગામી થવાના ) છે એમ જાણવું.

આ પ્રમાણે શ્રીમન્મહાવીર સ્વામીએ ઉપદેશવડે પ્રતિબોધ પમાડી ઘણા જીવોને પર્વતિથિ પાળવામાં ઉદ્યમવંત કરી સચિત્તાદિકના ત્યાગના નિયમો કરાવ્યા.

શ્રેણિક રાજા વિગેરે સભાજનો આનંદિત થઈ પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા. ચોત્રીશ અતિશયથી સંયુક્ત પ્રભુ પણ વસુંધરાને વિષે વિહાર કરવા લાગ્યા.

આ પ્રમાણે જે જીવો પર્વોને વિષે જિનેશ્વર કથિત ધર્મ આજ્ઞા સંયુક્ત ત્રિકરણ શુદ્ધે પાળશે અને સુર તથા

---

૧. દેવીઓની ઉત્પત્તિ બીજા દેવલોક સુધીજ છે; પણ તેમાં બારમા દેવલોક યોગ્ય દેવીઓ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અસુરોથી પણ અક્ષુભિત રહેશે, તે રત્નશેખર રાજાની માફક મનવાંચ્છિત સમૃદ્ધિને પામીને અનુક્રમે કેવળ જ્ઞાન તથા મોક્ષ પદને પામશે. જો પશુભવમાં પણ પર્વદિન પાળવાથી સુખ પ્રાપ્ત થાય છે, તો ભાવ પૂર્વક મનુષ્ય ભવમાં જો તેનું આરાધન થાય તો ઇંદ્રપદ, ચક્રીપદ, અહમિંદ્રપદ તેમજ અનુક્રમે પરમપદ પણ તે પ્રાણી પામે છે અને ત્રણ ભુવનના જીવોને નમવા યોગ્ય થાય છે.

આ રત્નશેખર રાજાનું ચરિત્ર સાંભળીને પાંચ પર્વોને વિષે તો સદા અવશ્ય ધર્મકાર્યમાં ઉદ્યમ કરવો. આ રત્નવતી અને રત્નશેખરનું ચરિત્ર જે ભવ્ય જીવો સાંભળે છે તેને તે બોધિબીજ પ્રાપ્તિનું કારણ થાય છે.

इति श्री पर्वतिथिदिनविचारे जगज्जनमनश्चमत्कार कारिणी महाप्रतिबोधदायिनी श्रीमत् श्री रत्नशेखर नरेंद्र रत्नवती राज्ञी कथा संबंध संपूर्णम् ॥

दयावर्द्धन विज्ञेनो द्धृतैषा प्रवरा कथा ।
समयांबुनिधेर्मध्याद्धरित्र्यां जयताच्चिरं ॥

"દયાવર્ધન મુનિએ આગમ રૂપી મહા સમુદ્રમાંથી ઉદ્ધરેલી આ શ્રેષ્ઠ કથા ચિરકાળ પર્યંત આ પૃથ્વી ઉપર જયવંતી વર્તો."

( શ્રી જિન હર્ષસૂરિની કરેલી રત્નશેખર રાજાની કથા મોટી હોવાથી તેમાંથી આ ઉદ્ધરેલી જણાય છે. )

સમાપ્ત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust